સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 28

[04/07/21 to 10/07/21]



સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



આજે જ DOWNLOAD કરો ICE APPLICATION

"ICE CLICKS"

ICE APP
ICE CLICKS
ડાઉનલોડ કરો
Google Play



Account + State + (1 SUBJECT FREE)

40% DISCOUNT

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 04 JULY-2021


- દિવસ મહિમા : 04 જુલાઈ, (1) સ્વામી વિવેકાનંદ સ્મૃતિ દિવસ અથવા સ્વામી વિવેકાનંદ પુણ્યતિથી દિવસ (2) અમેરિકન સ્વતંત્રતા દિવસ ........ 02
- અમેરિકાની 200 કંપનીઓ પર સાયબર એટેક ........ 02
- પંજાબ સૂબા આંદોલન ........ 03
- QUESTION ANSWERS ........ 04


## 05 JULY-2021


- શ્રી પુષ્કરસિંહ ધામી ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રી બન્યા ........ 05
- ફ્લાય એશ (Fly Ash) ........ 07
- સુશ્રી મિતાલી રાજ મહિલા ક્રિકેટમાં સૌથી વધુ રન કરનાર ખેલાડી બન્યા ........ 08
- QUESTION ANSWERS ........ 09


## 06 JULY-2021


- ટોક્યો ઓલિમ્પિકમાં ભારતના ધ્વજવાહક ........ 10
- એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટી (Anti-Dumping Duty-ADD) ........ 10
- મ્યાનમાર સેનાની 'ફોર કટ્સ રણનીતિ' (Four Cuts Strategy) ........ 10
- QUESTION ANSWERS ........ 12


## 07 JULY-2021


- દિવસ મહિમા : 7 જુલાઈ, વિશ્વ ચોકલેટ દિવસ (World Chocolate Day) ........ 13
- ભારતના 8 રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક ........ 13
- ભારત સરકાર દ્વારા નવા 'સહકાર મંત્રાલય'ની રચના ........ 16
- QUESTION ANSWERS ........ 17


## 08 JULY-2021


- બોલિવૂડના દિગ્ગજ અભિનેતા શ્રી દિલીપ કુમારનું નિધન ........ 18
- હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વીરભદ્રસિંહનું નિધન ........ 20
- કેન્દ્ર સરકારનું નવુ મંત્રીપરિષદ ........ 20
- QUESTION ANSWERS ........ 27


## 09 JULY-2021


- કેરળમાં ઝિકા વાયરસ (Zika Virus) નો કેસ નોંધાયો ........ 28
- શ્રી ઉદ્દયન માને ટોક્યો ઓલિમ્પિકમાં ક્વોલિફાઈ થનાર બીજા ભારતીય બન્યા ........ 28
- LIC માં અધ્યક્ષ (Chairman)ની જગ્યાએ CEO અને MDનું પદ બનાવવામાં આવશે. ........ 2
- QUESTION ANSWERS ........ 30


## 10 JULY-2021


- Henley Passport Index- 2021 માં ભારત 90 મા ક્રમે ........ 31
- એક્સફેમે Hunger Virus Mulitiplies Report બહાર પાડ્યો ........ 31
- QUESTION ANSWERS ........ 32

ONE LINER ........ 33

QUESTION OF THIS WEEK ........ 39


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 04 જુલાઈ, (1) સ્વામી વિવેકાનંદ સ્મૃતિ દિવસ અથવા સ્વામી વિવેકાનંદ પુણ્યતિથી દિવસ (2) અમેરિકન સ્વતંત્રતા દિવસ

### અમેરિકન સ્વતંત્રતા દિવસ

4 જુલાઈ, 2021ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (USA) એ 245માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી હતી.

- 4 જુલાઈ, 1776ના રોજ કોંટિનેંટલ કોંગ્રેસ દ્વારા સ્વતંત્રતાની ઘોષણા કરવામાં આવી હતી.
- આ દિવસ અમેરિકામાં એક ફેડરલ રજા તરીકે ઉજવવામાં આવે છે.
- અમેરિકન ક્રાંતિકારી યુધ્ધ 1975માં શરૂ થયું હોવા છતાં ત્યાંની વસાહતોએ શરૂઆતમાં બ્રિટિશ શાસનથી સંપૂર્ણ અલગ થવાની માંગ કરી ન હતી, તેના બદલે તેઓએ બ્રિટિશ સામ્રાજ્યમાં વધુ સવાયત્તાની માંગ કરી હતી.
- જોકે, સંઘર્ષના પ્રારંભિક તબક્કામાં બ્રિટિશ સામ્રાજ્યના વર્તનને કારણે, આ માંગ ધીમે ધીમે સંપૂર્ણ સ્વતંત્રતામાં પરિવર્તિત થઈ હતી.
- 2 જુલાઈ, 1776ના રોજ ફિલાડેલ્ફિયાના સ્ટેટ હાઉસ ખાતે ઉત્તર અમેરિકામાં બ્રિટનની 13 વસાહતોમાંથી 12 ના પ્રતિનિધિઓએ બ્રિટિશ સામ્રાજ્યમાંથી છૂટા થવા માટે મત આપ્યો હતો.
- ત્યારબાદ 4 જુલાઈ, 1776ના રોજ કોંટિનેંલ કોંગ્રેસના સભ્યોએ 'સ્વતંત્રતાની ઘોષણા' પર હસ્તાક્ષર કર્યા અને સમગ્ર વિશ્વમાં તેમની સ્વતંત્રતા જાહેર કરી હતી.

## અમેરિકાની 200 કંપનીઓ પર સાયબર એટેક




એક સાયબર સિક્યુરિટી કંપનીના જણાવ્યા અનુસાર રેન્સમવેર હુમલાના કારણે 2 જુલાઈ, 2021ના રોજ ઓછામાં ઓછી 200 અમેરિકન કંપનીને અસર થઈ છે.

- આ સાયબર એટેક પાછળ રશિયન ભાષા બોલતી 'રેવિલ રેન્સમવેર' ગેંગ છે.
- હુમલાખોરોએ કલાઉડ–સર્વિસ પ્રોવાઈડર્સ દ્વારા રેન્સમવેર ફેલાવવા માટે તેના નેટવર્ક મેનેજમેન્ટ પેકેજનો ઉપયોગ કરીને 'કસિયા' (Kaseya) નામના સોફટવેર સપ્લાયરને નિશાન બનાવ્યું હતું.
- રેન્સમવેર એક પ્રકારનું દૂષિત ખંડણી માંગનાર સોફટવેર છે.
- આ સોફટવેર એવી રીતે બનાવવામાં આવે છે કે તે કોઈપણ કમ્પ્યૂટર સિસ્ટમ પરની બધી ફાઈલોને એન્ક્રિપ્ટ કરી શકે છે. અને ખંડણી માંગવાની શરૂઆત કરે છે અને જો રકમ ચૂકવવામાં ન આવે તો કમ્પ્યૂટર પરની બધી ફાઈલોનો નાશ કરવાની ધમકી આપે છે.
- કમ્પ્યૂટર ઉપયોગકર્તા દ્વારા ખંડણીની રકમ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી આ ફાઈલો એક્સેસ થતી નથી.

### સાયબર એટેક એટલે શું ?

- 'સાયબર એટેક' શબ્દનો ઉપયોગ આતંકવાદી પ્રવૃતિઓમાં ઈન્ટરનેટ દ્વારા કરવામાં આવેલા હુમલાઓને ધ્યાનમાં લેવા માટે કરવામાં આવે છે. આમાં કમ્પ્યૂટર વાયરસ જેવા માધ્યમો દ્વારા કમ્પ્યૂટર નેટવર્કના ઈરાદા પૂર્વક મોટા વિક્ષેપ શામેલ છે, ખાસ કરીને ઈન્ટરનેટથી કનેક્ટ થયેલ વ્યક્તિગત કમ્પ્યૂટર.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- સાયબર એટેકને કોઈ કમ્પ્યૂટર ગુના તરીકે અને સામાન્ય રીતે આ મુજબ વ્યાખ્યાયિત કરી શકાય છે..... "વાસ્તવિક દુનિયાના માળખા, સંપત્તિ અને કોઈપણના જીવનને નુકસાન પહોંચાડ્યા વિના કમ્પ્યૂટર નેટવર્કને લક્ષ્ય કરી નુકસાન પહોંચાડવું"

## સાયબર ક્રાઈમ સંબંધિત મહત્વના શબ્દો

(1) હેકિંગ (Hacking) : તમારી મંજૂરી વગર તમારા કમ્પ્યૂટરમાં દાખલ થઈ તમારી જાણ બહાર માહિતીની ચોરી કરવી તેને Hacking કહેવામાં આવે છે. હુમલાખોર અથવા હેકર્સ કમ્પ્યૂટર પ્રોગ્રામની મદદથી તેઓનું કાર્ય પાર પાડે છે.

(2) વાઈરસ ડીસેમીનેશન (Virus Dissemination) : વાઈરસ એક કમ્પ્યૂટર પ્રોગ્રામ છે જે કમ્પ્યૂટરમાં દાખલ થઈ કમ્પ્યૂટરના સામાન્ય કાર્યને ખોરવી નાખે છે. અથવા કમ્પ્યૂટરમાં સંગ્રહિત માહિતીને નુકસાન કરે છે. તે સરળતાથી એક કમ્પ્યૂટરમાં સંગ્રહિત માહિતીને નુકસાન કરે છે. તે સરળતાથી એક કમ્પ્યૂટરમાંથી બીજા કમ્પ્યૂટરમાં જઈ શકે છે.

(3) Logic Bombs : લોજીક બોમ્બને 'Slag Code' તરીકે પણ ઓળખવામાં આવે છે. લોજીક બોમ્બ એ સોફ્ટવેરમાં જ જાણી જોઈને દાખલ કરવામાં આવેલ દૂષિત કોડ છે. તે વાયરસ નથી પણ વાયરસની જેમ કાર્ય કરે છે.

(4) Web Jacking : Web Jacking માં હેકર્સ દ્વારા વેબસાઈટ પર ખોટી રીતે નિયંત્રણ મેળવી લેવામાં આવે છે અને ત્યારબાદ વેબસાઈટમાંના મૂળ લખાણને બદલી નાખવામાં આવે છે અથવા યુઝરને બીજી ખોટી વેબસાઈટ પર મોકલી દેવામાં આવે છે.

(5) Cyber Stalking : આ એક નવા પ્રકારનો ગુનો છે કે જેમાં કોઈ એક વ્યક્તિની Online ક્રિયાની માહિતી સતત વ્યક્તિની જાણ બહાર લઈ તેની ગુપ્ત માહિતીને જાહેર કરવાની ધમકી આપી માનસિક ત્રાસ આપવામાં આવે છે.

## પંજાબ સૂબા આંદોલન

તાજેતરમાં 'શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ' દ્વારા 4 જુલાઈ, 1955ના રોજ સૂબા આંદોલન (મોરચા) દરમિયાન સુવર્ણ મંદિરની અંદર પોલિસ દળ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીને યાદ રાખવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આઝાદી પછી પંજાબમાં આ આંદોલન શરૂ થયું હતું.
- શિરોમણી અકાલી દળ (રાજકીય પક્ષ) દ્વારા એક અલગ પંજાબી ભાષા રાજ્યને લઈને આ આંદોલનનું નેતૃત્વ કર્યુ હતું.
- જોકે, આ વિચારનો પણ વિરોધ થયો હતો.
- જે લોકો એક અલગ પંજાબી ભાષા રાજ્યની માંગના પક્ષમાં હતા તેમણે 'પંજાબી સુબા અમર રહે'નો નારો લગાવ્યો હતો. તથા માંગનો વિરોધ કરનારા લોકોએ 'મહા–પંજાબ'ના સમર્થનમાં નારા લગાવ્યા હતા.
- એપ્રિલ 1955માં સરકારે CrPCની કલમ 144 હેઠળ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આ નારાઓ પર પ્રતિબંધ લગાવ્યો હતો.

નોંધ : (1) પંજાબ પુનર્ગઠન અધિનિયમ, 1966 પસાર થતાં હરિયાણા વર્ષ 1966માં પંજાબથી અલગ થયા પછી ભારતનું 17મું રાજ્ય બન્યું હતું.

(2) આમ પૂર્વ પંજાબ બે રાજ્યમાં પંજાબ અને હરિયાણામાં વિભાજિત થયું હતું.

1. 'સ્વામી વિવેકાનંદ સ્મૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 4 જુલાઈ (B) 5 જુલાઈ (C) 6 જુલાઈ (D) 7 જુલાઈ **(A)**

2. કયા દિવસના રોજ 'અમેરિકન સ્વતંત્રતા દિવસ' ઉજવવામાં આવે છે ?

(A) 2 જુલાઈ (B) 3 જુલાઈ (C) 4 જુલાઈ (D) 5 જુલાઈ **(C)**

3. કયા વર્ષે કોંટિનેંટલ કોંગ્રેસ દ્વારા અમેરિકાની સ્વતંત્રતાની ઘોષણા કરી હતી ?

(A) 4 જુલાઈ, 1772 (B) 4 જુલાઈ, 1776 (C) 4 જુલાઈ, 1778 (D) 4 જુલાઈ, 1782 **(B)**

4. તાજેતરમાં કયા દેશની 200 કંપનીઓ પર સાયબર એટેક થયો હતો ?

(A) રશિયા (B) અમેરિકા (C) કેનેડા (D) જાપાન **(B)**

5. રેન્સમવેર શું છે ?

(A) ઓઈલ કંપનીઓનું એક એસોસિએશન છે.

(B) ઓનલાઈન શિક્ષણ આપતું એક સોફ્ટવેર છે.

(C) કોવિડ-19 અંગે માહિતી આપતું એક સોફ્ટવેર છે.

(D) એક પ્રકારનું દૂષિત ખંડણી માંગનાર સોફ્ટવેર છે. **(D)**

6. પંજાબ સુબા આંદોલન સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આઝાદી પછી પંજાબમાં આ આંદોલન શરૂ થયું હતું.

2. એક અલગ પંજાબ રાજ્યની માંગ સાથે શિરોમણી અકાલી દળે (રાજકીય પક્ષ) તેનું નેતૃત્વ કર્યુ હતું.

3. પંજાબી ભાષાના એક અલગ રાજ્યની માંગના પક્ષના લોકોએ 'પંજાબી સૂબા અમર રહે' નો નારો લગાવ્યો હતો.

4. જ્યારે વિરોધ કરનાર લોકોએ 'મહા–પંજાબ'ના સમર્થનમાં નારો લગાવ્યો હતો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) 1, 2, 3 અને 4 (D) ફક્ત 1 અને 2 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી પુષ્કરસિંહ ધામી ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રી બન્યા



ભારતીય જનતા પાર્ટીના નેતા શ્રી પુષ્કરસિંહ ધામીએ 4 જુલાઈ, 2021ના રોજ ઉત્તરાખંડના 11મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે.

- ઉત્તરાખંડના રાજપયાલ સુશ્રી બેબી રાની મૌર્યએ દેહરાદૂનના રાજભવનમાં મુખ્યમંત્રી પદના શપથ લેવડાવ્યા હતા.
- આ ઉપરાંત આ નવી કેબિનેટમાં 11 મંત્રીઓએ પણ શપથ લીધા છે.
- વર્ષ 2017માં ઉત્તરાખંડમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. જેમાં 70 વિધાનસભાની સિટમાંથી 56 સિટ પર ભાજપે વિજય મેળવ્યો હતો.
- આ સમયે શ્રી ત્રિવેન્દ્રસિંહ રાવત મુખ્યમંત્રી બન્યા હતા. તેમણે 9 માર્ચ 2021ના રોજ રાજીનામું આપ્યું હતું.
- ત્યારબાદ 10 માર્ચ 2021ના રોજ શ્રી તીરથસિંહ રાવતે મુખ્યમંત્રી પદે શપથ લીધા હતા. આ સમયે તેઓ લોકસભાના સભ્ય હતા. આથી તેમને છ મહિનામાં વિધાનસભાની કોઈ એક બેઠક પરથી જીતવું જરૂરી હતું.
- પરંતુ તાજેતરમાં તેમના કાર્યકાળ દરમિયાન ઉત્તરાંખંડમાં કોઈ પેટાચૂંટણી યોજાવાની ન હતી. આથી તેમણે રાજીનામું આપ્યું હતું.
- ત્યારબાદ 45 વર્ષીય શ્રી પુષ્કર ધામીની ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રી તરીકે પસંદગી કરવામાં આવી હતી.

### શ્રી પુષ્કરસિંહ ધામી

શ્રી પુષ્કરસિંહ ધામીનો જન્મ 16 સપ્ટેમ્બર, 1975ના રોજ ઉત્તરાખંડના પિઠોરાગઢ ખાતે થયો હતો.

- 45 વર્ષીય શ્રી પુષ્કરસિંહ ધામી ઉત્તરાખંડની ખટિમા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય છે.
- તેઓ ઉત્તરાખંડના સૌથી યુવા મુખ્યમંત્રી છે.
- નોંધનીય છે કે મુખ્યમંત્રી પદ સંભાળતા પહેલા તેમણે ક્યારેય મંત્રી પદ સંભાળ્યું ન હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિધાનસભા અને મુખ્યમંત્રી વિશે બંધારણીય જોગવાઈ

### વિધાનસભા

વિધાનસભા એ રાજ્યનું નીચલું ગૃહ તરીકે ઓળખાય છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 170માં વિધાનસભાની જોગવાઈ કરવામાં આવી છે.
- બંધારણના અનુચ્છેદ– 170માં જોગવાઈ કરવામાં આવી છે. કે કોઈપણ રાજ્યની વિધાનસભાની સભ્ય સંખ્યા (બેઠકો) મહત્તમ 500 અને ઓછામાં ઓછી 60 રહેશે.
- પરંતુ અમુક રાજ્યોને છૂટ આપવામાં આવી છે કે જેમાં વિધાનસભાની સભ્ય સંખ્યા 60 કરતા ઓછી છે. આવા રાજ્યો નીચે મુજબ છે.

  (1) સિક્કિમ– 32 બેઠકો, (2) મિઝોરમ– 40 બેઠકો, (3) ગોવા– 30 બેઠકો.
- 28 રાજ્યો ઉપરાંત 3 કેન્દ્રશાસિત પ્રદેશમાં પણ વિધાનસભાની વ્યવસ્થા છે. જેમા દિલ્હી, પુડુચેરી અને જમ્મુ કશ્મીરનો સમાવેશ થાય છે.

## વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત

બંધારણના અનુચ્છેદ– 173 મુજબ વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત નીચે મુજબ છે :

**વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત**

- તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.
- તે વ્યક્તિ જે તે રાજ્યના વતની હોવા જોઈએ એટલે કે સંબંધિત રાજ્યના કોઈપણ મત ક્ષેત્રની મતદર યાદીમાં નામ હોવું જોઈએ.
- વ્યક્તિની ઉંમર 25 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.
- કેન્દ્ર અથવા રાજ્ય સરકાર અંતર્ગતની કોઈ સેવાઓમાં લાભનું પદ ધરાવતા ન હોવા જોઈએ.

## વિધાનસભાના સભ્યના શપથ

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 188 મુજબ વિધાનસભાના પ્રત્યેક સભ્યએ રાજ્યપાલ અથવા રાજ્યપાલ દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ સમક્ષ બંધારણની અનુસૂચિ– 3 ના નમૂના મુજબ શપથ લેવાના હોય છે.

## મુખ્યમંત્રીની નિમણૂક

ભારતીય બંધારણના અનુચ્છેદ– 164 (1) મુજબ મુખ્યમંત્રીની નિમણૂક સંબંધિત રાજ્યોના રાજ્યપાલ કરશે.

- મુખ્યમંત્રીની નિમણૂક રાજ્યપાલ કરે છે. જેનો અર્થ એ નથી કે રાજ્યપાલ કોઈપણ વ્યક્તિને મુખ્યમંત્રી બનાવી શકે.
- પરંતુ વિધાનસભાની સામાન્ય ચૂંટણી બાદ રાજ્યપાલ બહુમતી ધરાવતા પક્ષને સરકાર બનાવવા આમંત્રણ આપે છે. અને આ બહુમતી ધરાવતા પક્ષના નેતાની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- બીજી એ પણ શક્યતા છે જો કોઈ પક્ષને વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી ન મળે તો જોડાણ (ગઠબંધન) દ્વારા બનેલા પક્ષોમાંથી સૌથી મોટા પક્ષને રાજ્યપાલ સરકાર બનાવવા આમંત્રિત કરે છે. અને ગઠબંધનના પક્ષો દ્વારા નક્કી કરેલ વ્યક્તિની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- આ ઉપરાંત બંધારણના અનુચ્છેદ– 164 (4)માં જોગવાઈ કરવામાં આવી છે કે જો કોઈ વ્યક્તિ વિધાનમંડળના કોઈપણ ગૃહના (વિધાનસભા કે વિધાનપરિષદ) સભ્ય ન હોય પરંતુ ગૃહનો સભ્ય બનવાની લાયકાત ધરાવતા હોય તો તેને મુખ્યમંત્રી બનાવી શકાય છે.
- પરંતુ આવી વ્યક્તિએ વધુમાં વધુ 6 મહિનામાં કોઈપણ ગૃહનું સભ્યપદ મેળવવું અનિવાર્ય છે અન્યથા 6 મહિના બાદ તે મુખ્યમંત્રી પદ પર રહી શકશે નહીં.

## મુખ્યમંત્રીના શપથ

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 164(3) મુજબ મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓ રાજ્યના રાજ્યપાલ સમક્ષ બંધારણની અનુસૂચિ 3 મુજબ હોદ્દાના શપથ ગ્રહણ કરવાના હોય છે.

## મુખ્યમંત્રીનો કાર્યકાળ

મુખ્યમંત્રીનો કાર્યકાળ નિશ્ચિત હોતો નથી. જ્યાં સુધી વિધાનસભામાં બહુમતી હોય ત્યાં સુધી મુખ્યમંત્રી પોતાના પદ પર રહે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- પરંતુ વિધાનસભામાં બહુમતિ પ્રાપ્ત ન થાય તો રાજીનામું આપવું પડે છે. જો મુખ્યમંત્રી રાજીનામું આપવા તૈયાર ન થાય તો રાજ્યપાલ તેમને પદ પરથી બરખાસ્ત કરે છે.

**મુખ્યમંત્રી**

- કાર્યકાળ : જ્યાં સુધી વિધાનસભામાં બહુમતી ધરાવે અથવા વિધાનસભાના મહત્તમ કાર્યકાળ (5 વર્ષ)
- નિમણૂક : રાજ્યપાલ દ્વારા
- લાયકાત : વિધાનમંડળના કોઈ ગૃહના સભ્ય હોવા જોઈએ. 25 કે તેથી વધુ ઉંમર
- રાજીનામુ : રાજ્યપાલ
- વેતન : રાજ્ય વિધાનમંડળ નક્કી કરે તે મુજબ
- શપથ : રાજ્યપાલ સમક્ષ

નોંધ : (1) ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર વિધાનસભાની તમામ બેઠકોમાંથી વધુમાં વધુ 15 ટકા મંત્રીઓને મંત્રીમંડળમાં સ્થાન આપી શકાય છે.

(2) બંધારણના અનુચ્છેદ–167માં મુખ્યમંત્રીની રાજ્યપાલ પ્રત્યેની જવાબદારીઓ અંગેની જોગવાઈઓ કરવામાં આવી છે.

## ફ્લાય એશ (Fly Ash)

નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC) લિમિટેડએ ફ્લાય એશના 100% ઉપયોગના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાના પ્રયત્નો ભાગ રૂપે મધ્ય–પૂર્વ અને અન્ય પ્રદેશમાં નિયુક્ત છોડમાંથી ફ્લાય એશના વેચાણ માટે 'એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ'ને આમંત્રણ આપ્યું છે.

- 'ફ્લાય એશ' થર્મલ પાવર ઉત્પાદનમાં કોલસો સળગવાથી ઉત્પન્ન થતું ઉત્પાદન છે.

### ફ્લાય એશ

ફ્લાય એશ (Fly Ash) એ પ્રદૂષક છે જે કોલસાથી ચાલતા પાવર પ્લાન્ટમાંથી ઉત્પન્ન થાય છે.

- તેને વિશ્વના વિવિધ પ્રદેશોમાં 'ફ્લુ એશ' અથવા 'પ્લવરસાઈઝ્ડ ફ્યુઅલ એશ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- જે કોલસાથી સંચાલિત બોઈલરોમાંથી ફ્લુ વાયુઓ સાથે મુક્ત કરાયેલા કણો છે.

### સંયોજન

ફ્લાયએશમાં સિલિકોન ડાયોક્સાઈડ ($SiO_2$), એલ્યુમિનિયમ ઓક્સાઈડ ($Al_2O_3$), ફેરીક ઓક્સાઈડ ($Fe_2O_3$) અને કેલ્શિયમ ઓક્સાઈડ (CaO) નોંધપાત્ર પ્રમાણમાં જોવા મળે છે.

- આ ઉપરાંત આર્સેનિક, બેરીલિયમ, બોરોન, કોબાલ્ટ, કેડિયમ, ક્રોમિયમ, હેક્સાવેલેંટ ક્રોમિયમ, સીસા, મેંગેનીઝ, પારો અને મોલિબ્ડનમ, સેલેનિયમ, સ્ટ્રોન્ટિયમ, થેલિયમ અને વેનેડિયમ જેવા નાના ઘટકો પણ શામેલ હોય છે.

## ગુણવત્તા

તે પોર્ટલેન્ડ સિમેન્ટ જેવું જ લાગે છે પરંતુ રાસાયણિક રૂપે અલગ છે.

- પોર્ટલેન્ડ સિમેન્ટનું ઉત્પાદન એ ચૂનાના પથ્થર અને માટીના મિશ્રણને દહન કરીને અને પીસીને મેળવેલા સરસ (Finer) પાવડરના રૂપમાં એક સંયુક્ત સામગ્રી છે.
- તેની રાસાયણિક રચનામાં કેલ્શિયમ સિલિકેટ, કેલ્શિયમ એલ્યુમિનેટ અને કેલ્શિયમ એલ્યુમિનોફેરીટ શામેલ છે.

## ઉપયોગ

તેનો ઉપયોગ કોંક્રિટ અને સિમેન્ટ ઉત્પાદનો, રોડ બેઝ, મેટલ રીકવરી અને મિનરલ ફિલર વગેરેમાં થાય છે.

- આ ઉપરાંત બિલ્ડિંગ બાધકામમાં ફલાય ઈંટોના ઉપયોગને પ્રોત્સાહન આપવા NTPCએ તેના કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટમાં ફલાયએશ ઈંટ મેન્યુફેકચરિંગ પ્લાન્ટ સ્થાપયા છે.

## હાનિકારક અસરો

ફલાય એશ કણો ઝેરી હવા પ્રદૂષક છે. તેઓ હૃદય રોગ, કેન્સર, શ્વસન રોગ અને સ્ટ્રોકમાં વધારો કરે છે.

- તે જ્યારે પાણી સાથે ભળી જાય છે ત્યારે ભૂગર્ભ જળમાં ભારે ધાતુઓના લીચિંગનું કારણ બને છે.
- તે જમીનમાં પ્રદૂષિત પણ થાય છે અને ઝાડની મૂળ વૃધ્ધિ પ્રણાલીને પણ અસર કરે છે.

નોંધ : (1) દેશમાં ફલાય એશનો ઉપયોગ છેલ્લા પાંચ વર્ષમાં 80 ટકા વધ્યો છે.

(2) NTPC નું પૂરું નામ 'નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન' લિમિટેડ છે.

(3) NTPC એ ભારતની સૌથી મોટી વીજ ઉત્પાદન કંપની છે.

# સુશ્રી મિતાલી રાજ મહિલા ક્રિકેટમાં સૌથી વધુ રન કરનાર ખેલાડી બન્યા

ભારતીય મહિલા ક્રિકેટ ટીમના ખેલાડી અને સુકાની સુશ્રી મિતાલી રાજે ઈંગ્લેન્ડ વિરુધ્ધ રમાયેલી ત્રીજી વન ડે મેચમાં નવી સિધ્ધિ હાંસલ કરી છે.

- સુશ્રી મિતાલી રાજ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં સૌથી વધુ રન નોંધાવનાર ખેલાડી બની ગયા છે.
- તેમણે ઈંગ્લેન્ડની સુશ્રી શોર્લોટ એડવર્ડ્ઝનો રેકોર્ડ તોડીને ઈન્ટરનેશનલ મહિલા ક્રિકેટમાં સૌથી વધુ રન નોંધાવવાની સિધ્ધિ પોતાના નામે કરી લીધી છે.
- સુશ્રી શાર્લોટ એડવર્ડ્ઝે અત્યાર સુધીમાં 10,273 રન નોંધાવ્યા હતા. જ્યારે મિતાલી રાજે 10,337 રન નોંધાવ્યા છે.
- મહિલા ક્રિકેટ અને પુરુષ ક્રિકેટ બંને ફોર્મેટમાં હવે સૌથી વધુ રન નોંધવાનો રેકોર્ડ ભારતના નામે છે.
- પુરુષ ક્રિકેટમાં શ્રી સચિન તેંડલુકર અને મહિલા ક્રિકેટમાં સુશ્રી મિતાલી રાજે આ સિધ્ધિ મેળવી છે.
- શ્રી સચિન તેંડલુકરે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ 35,337 રન નોંધાવ્યા છે.

નોંધ : (1) સુશ્રી મિતાલી રાજ વર્તમાન ટેસ્ટ અને વન ડે ક્રિકેટ ટીમના કેપ્ટન છે. તથા તેઓ 'લેડી તેંડલુકર' તરીકે જાણીતા છે.

(2) સુશ્રી મિતાલી રાજ રાજસ્થાનના મહિલા ક્રિકેટર છે. તેમનો જન્મ 3 ડિસેમ્બર, 1982ના રોજ રાજસ્થાનના જોધપુરમાં થયો હતો.

1. તાજેતરમાં કોણે ઉત્તરાખંડના 11મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે ?

(A) શ્રી મનોહર ખટ્ટર (B) શ્રી પુષ્કરસિંહ ધામી

(C) શ્રી મનોહરસિંહ ધામી (D) શ્રી ત્રિવેન્દ્રસિંહ રાવત (B)

2. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં મુખ્યમંત્રીની નિમણૂક સંબંધીત જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ– 152 (1) (B) અનુચ્છેદ– 252 (1)

(C) અનુચ્છેદ– 164 (1) (D) અનુચ્છેદ– 264 (1) (C)

3. રાજ્યના મુખ્યમંત્રીએ કોની સમક્ષ શપથ લેવાના હોય છે ?

(A) રાજ્યપાલ સમક્ષ (B) સુપ્રીમ કોર્ટના મુખ્યન્યાયાધિશ સમક્ષ

(C) ઉપરાષ્ટ્રપતિ સમક્ષ (D) વિધાનસભાના અધ્યક્ષ સમક્ષ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. NTCPનું પૂરું નામ શું છે ?

(A) National Thermal Power Corporation Limited

(B) National Thermal Powers Corpotarion Limitedation

(C) Nationalship Thermal Power Corporation Limited

(D) Nationals Thermal Powerful Corporation Limited (A)

5. 'ફલાય એશ' (Fly Ash) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) ફલાય એશ એ પ્રદૂષક છે જે કોલસાથી ચાલતા પાવર પ્લાન્ટમાંથી ઉત્પન્ન થાય છે.

(B) તે કોલસાથી સંચાલિત બોઈલરોમાંથી ફલુ વાયુઓ સાથે મુક્ત કરાયેલા કણો છે.

(C) તે પોર્ટલેન્ડ સિમેન્ટ જેવુ જ લાગે છે પરંતુ રાસાયણિક રૂપે અલગ છે.

(D) ઉપરોક્ત તમામ (D)

6. આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં સૌથી વધુ રન નોંધાવનાર ખેલાડી કોણ છે ?

(A) સુશ્રી શાર્લોટ એડવર્ડ્ઝ (B) સુશ્રી મિતાલી રાજ

(C) સુશ્રી ઝુલન ગૌસ્વામી (D) સુશ્રી હિથર નાઈટ (B)

## ટોક્યો ઓલિમ્પિકમાં ભારતના ધ્વજવાહક

જાપાનના ટોક્યો ખાતે 23 જુલાઈ થી 8 ઓગસ્ટ 2021 દરમિયાન યોજનાર ઓલિમ્પિક ગેમ્સના ઉદ્ઘાટન સમારંભમાં ભારતના પ્રસિધ્ધ મહિલા બોકસર સુશ્રી એમ.સી.મેરી કોમ (M.C Marry Kom) અને હોકી ટીમના કેપ્ટન શ્રી મનપ્રીત સિંઘ ભારતનો રાષ્ટ્રધ્વજ લઈને ભારતીય ટીમને નેતૃત્વ પૂરું પાડશે.

- તાજેતરમાં યોજાયેલી ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA) ની બેઠકમાં ભારતીય દળના ધ્વજવાહક તરીકે સુશ્રી એમ.સી.મેરી કોમ અને શ્રી મનપ્રીત સિંઘની પંસદગી કરવામાં આવી છે.
- જ્યારે 8 ઓગસ્ટ 2021ના રોજ સમાપન સમારોહમાં કુસ્તીબાજ શ્રી બજરંગ પુનિયા ધ્વજવાહક હશે.
- નોંધનીય છે કે ટોક્યો ઓલિમ્પિક વર્ષ 2020માં યોજાવાની હતી પરંતુ કોરોના મહામારીના કારણે મુલતવી રાખવામાં આવી હતી.
- આ અગાઉ વર્ષ 2016ના રિયો ડી જાનેરોમાં ભારતના ધ્વજવાહક શ્રી અભિનવ બિન્દ્રા હતા.

## એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટી (Anti-Dumping Duty-ADD)

તાજેતરમાં ભારત સરકારે ચીન, થાઈલેન્ડ, દક્ષિણ કોરિયા અને અન્ય ત્રણ દેશોમાંથી કેટલાક તાંબાના ઉત્પાદનોની આયાત પર 'એન્ટિ'ડમ્પિંગ ડ્યૂટી' નહીં લગાવવાનો નિર્ણય કર્યો છે.

- ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (DGTR) એ એપ્રિલમાં તપાસ પછી ચીન, કોરિયા, મલેશિયા, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડથી 'કોપર અને કોપર એલોય ફ્લેટ–રોલ્ડ પ્રોડકટ્સ'ની આયાત પર ડ્યૂટી (કર) લાદવાની ભલામણ કરી હતી.
- જોકે નાણાં મંત્રાલય આ ભલામણોને લાગુ કરવા માટે અંતિમ નિર્ણય લે છે અને તેના આધારે સૂચના જારી કરે છે.

### એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટી

ડમ્પિંગ એ એક દેશના ઉત્પાદક દ્વારા ઉત્પાદનના નિકાસનો તેના ઘરેલુ ભાવોને નીચે અથવા ઉત્પાદન કિંમતથી નીચેના ભાવે બીજા દેશમાં સુચવવામાં આવે છે.

- લાંબા ગાળે એન્ટિ–ડમ્પિંગ ડ્યૂટી સમાન માલ ઉત્પાદન કરતી સ્થાનિક કંપનીઓની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મકતામાં ઘટાડો કરી શકે છે.
- તે દેશની સરકાર દ્વારા વિદેશી આયાત પર લાદવામાં આવેલ 'સંરક્ષણવાદી ટેરિફ' (Protectionist Tariffs) છે. જેનો અર્થ એ થાય છે કે તેને યોગ્ય બજાર મૂલ્યથી નીચે રાખવામાં આવે છે.

## મ્યાનમાર સેનાની 'ફોર કટ્સ રણનીતિ' (Four Cuts Strategy)

1 ફેબ્રુઆરી, 2021ના રોજ સૈન્ય બળવા (Military Coup)માં મ્યાનમારની ચૂંટાયેલી સરકારમાંથી સત્તા કબજે કર્યા પછી મ્યાનમારની સેનાના શાસન સામે પ્રતિકારને કાબૂમાં રાખવા માટે 'ફોર કટ્સ રણનીતિ' અપનાવી છે.

- સ્વતંત્ર સંશોધનકાર અનુસાર 'ફોર કટ' રણનીતિ સૌપ્રથમ 1960 દાયકામાં વિકસિત થઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ વ્યૂહરચના અથવા રણનીતિ મ્યાનમારની સૈન્ય દ્વારા વિકસાવવામાં આવી હતી. જ્યારે બર્માની કમ્યુનિસ્ટ પાર્ટી અને મ્યાનમાર સૌથી પ્રાચીન વંશીય સશસ્ત્ર જૂથ કેરેન નેશનલ યુનિયન સામે લડવા માટે સંઘર્ષ કરી રહી હતી.
- તે સમય દરમિયાન મ્યાનમારમાં તેનો ઉપયોગ ખાસ કરીને આયરવાડી ડેલ્ટા ક્ષેત્ર અને બગો યોમા પર્વતમાળામાં થયો હતો.
- કેરેન હ્યુમન રાઈટ્સ ગ્રુપના '<u>નવા હટૂ</u>' (Naw Htoo) ના જણાવ્યા અનુસાર સેના દ્વારા KNU નિયંત્રણ વિસ્તારોમાં 'ફોર કટ' રણનીતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં દરેક વ્યક્તિ અને ગામને નિશાન બનાવવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફોર કટ રણનીતિ શું છે ?

- **<u>1948-60</u>** ની <u>મલય કટોકટી</u> દરમિયાન મ્યાનમાર આર્મીને બ્રિટીશ વ્યૂહરચનાનો અભ્યાસ કરવાની તક મળ્યા પછી વર્ષ 1968માં '<u>ફોર કટ્સ</u>' સિંધ્ધાત અપનાવવામાં આવ્યો હતો.
- 'ફોર કટ' એ એક સિંધ્ધાત હતો જે બળવાખોરોને તેમના ભંડોળ, ખોરાક, ગુપ્ત માહિતી અને ભરતી જેવા મુખ્ય ઈનપુટ થી અલગ કરવા માટે બનાવવામાં આવ્યો હતો.
- મ્યાનમારની સેનાને <u>તાતમાડો</u> (Tatmadaw) તરીકે પણ ઓળખવામાં આવે છે.




1. ટોક્યો ઓલિમ્પિકમાં ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતના ધ્વજવાહક તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ?

(A) સુશ્રી એમ.સી. મેરિકોમ (B) શ્રી મનપ્રિત સિંઘ

(C) સુશ્રી પી.વી.સિંધૂ (D) (A) અને (B) બંને (D)

2. સુશ્રી એમ.સી મેરિકોમ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) ક્રિકેટ (B) બોક્સિંગ (C) તીરંદાજી (D) શૂટીંગ (B)

3. શ્રી મનપ્રિત સિંઘ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) તીરંદાજી (B) હોકી (C) ફૂટબોલ (D) ભાલા ફેંક (B)

4. ટોક્યો ઓલિમ્પિકના સમાપન સમારોહમાં ભારતના ધ્વજવાહક કોણ હશે ?

(A) શ્રી બજરંગ પુનિયા (B) શ્રી અભિનવ બિન્દ્રા

(C) શ્રી મનપ્રિત સિંઘ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (A)

5. તાજેતરમાં ભારત સરકારે ________ દેશમાંથી કેટલાક તાંબાના ઉત્પાદનોની આયાત પર ‘એન્ટ–ડમ્પિંગ ડ્યૂટી’ નહીં લગાવવાનો નિર્ણય કર્યો છે.

(A) ચીન (B) થાઈલેન્ડ (C) કોરિયા (D) ઉપરોક્ત તમામ (D)

6. તાજેતરમાં ચર્ચામાં રહેલ ‘ફોર કટ્સ રણનીતિ’ કયા દેશ સાથે સંકળાયેલ છે ?

(A) ચીન (B) નેધરલેન્ડ (C) મ્યાનમાર (D) માલદીવ (C)

7. મ્યાનમારની સેના સાથે સંકળાયેલ ‘ફોર કટ રણનીતિ’ (Four Cuts Starategy) સૌપ્રથમ ______ના દાયકામાં વિકસિત થઈ હતી.

(A) 1960 (B) 1970 (C) 1980 (D) 1990 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 7 જુલાઈ, વિશ્વ ચોકલેટ દિવસ (World Chocolate Day)

## ભારતના 8 રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તાજેતરમાં ભારતના 8 રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક કરી છે.

- જેમાં શ્રી પી.એસ શ્રીધરન પિલ્લાઈની મિઝોરમથી ગોવા, શ્રી સત્યદેવ નારાયણ આર્યની હરિયાણા થી ત્રિપુરા, શ્રી રમેશ બૈસની ત્રિપુરા થી ઝારખંડ અને શ્રી બાંડારૂ દત્તાત્રેયની હિમાચલથી હરિયાણા બદલી કરીને રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- જ્યારે બાકીના 4 રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક કરવામાં આવી છે.

### 8 રાજ્યોમાં નવા રાજ્યપાલ

| ક્રમ | રાજ્ય | નવા રાજ્યપાલ | કોની જગ્યાએ |
|---|---|---|---|
| 1 | ગોવા | શ્રી પી.એસ. શ્રીધરન પિલ્લાઈ | શ્રી ભગતસિંહ કોશિયારી (વધારાનો ચાર્જ હતો) |
| 2 | ત્રિપુરા | શ્રી સત્યદેવ નારાયણ આર્ય | શ્રી રમેશ બૈસ |
| 3 | ઝારખંડ | શ્રી રમેશ બૈસ | શ્રીમતી દ્રોપદી મુર્મુ |
| 4 | હરિયાણા | શ્રી બાંડારુ દત્તાત્રેય | શ્રી સત્યદેવ નારાયણ આર્ય |
| 5 | કર્ણાટક | શ્રી થાવરચંદ ગેહલોત | શ્રી વજુભાઈ વાળા |
| 6 | મિઝોરમ | શ્રી હરિ બાબુ કમ્ભમપતિ | શ્રી પી.એસ. શ્રીધરન પિલ્લાઈ |
| 7 | મધ્યપ્રદેશ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ | શ્રીમતી આનંદીબેન પટેલ (વધારાના ચાર્જ હતો) |
| 8 | હિમાચલ પ્રદેશ | શ્રી રાજેન્દ્ર આર્લેકર | શ્રી બંડારુ દત્તાત્રેય |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રાજ્યપાલ વિશે બંધારણીય જોગવાઈ

### રાજ્યપાલની નિમણૂક (Appoinment of The Governor)

ભારતીય બંધારણના અનુચ્છેદ–155 મુજબ રાજ્યના રાજ્યપાલને રાષ્ટ્રપતિ પોતાની સહી સિક્કાવાળા આદેશપત્રથી નિમણૂક કરે છે.

- જેવી રીતે કેન્દ્રીય શાસન વ્યવસ્થાનું સૌથી મહત્વપૂર્ણ અંગ ‘રાષ્ટ્રપતિ’ છે. તેવી જ રીતે રાજ્યનું મહત્ત્વપૂર્ણ પદ એટલે રાજ્યપાલ.
- રાજ્યપાલએ રાજ્ય વિધાનમંડળના સભ્ય નથી પરંતુ રાજ્ય વિધાનમંડળના અભિન્ન અંગ છે.
- મૂળ બંધારણના અનુચ્છેદ– 153માં રાજ્યના એક રાજ્યપાલ રહેશે.
- પરંતુ 7 મા બંધારણીય સુધારા અધિનિયમ, 1956 દ્વારા તેમાં ઉમેરવામાં આવ્યું કે કોઈ એક જ વ્યક્તિને બે અથવા વધુ રાજ્યોના રાજ્યપાલ બનાવી શકાય છે.
- ભારતમાં રાજ્યપાલની નિમણૂકની પ્રક્રિયા કેનેડાના બંધારણમાંથી લેવાયેલ છે. જ્યારે રાજ્યપાલનો કાર્યકાળ ભારત સરકાર અધિનિયમ, 1935માંથી લેવામાં આવ્યો છે.

## રાજ્યપાલનો કાર્યકાળ (Term of Office)

ભારતીય બંધારણના અનુચ્છેદ–156માં રાજ્યપાલના પદના કાર્યકાળ સંબંધિત જોગવાઈઓ કરવામાં આવી છે. જે અંતર્ગત મુખ્ય ત્રણ બાબતો સૂચવવામાં આવી છે :

(a) રાજ્યપાલ રાષ્ટ્રપતિની મરજી સુધી પોતાના પદ પર રહી શકે છે.

(B) સામાન્ય રીતે રાજ્યપાલ 5 વર્ષ સુધી પોતાના પદ પર રહી શકે છે અને જો કાર્યકાળ પૂરો થઈ ગયો હોય તો જ્યાં સુધી નવા રાજ્યપાલ કાર્યભાર ન સંભાળે ત્યાં સુધી પોતાના પદ પર રહે છે.

(c) જો રાજ્યપાલ પોતાની ઈચ્છાથી પદ મુક્ત થવા માગતા હોય તો તે પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપી શકે.

- રાજ્યપાલનું પદ એ રાષ્ટ્રપતિની મરજી અંતર્ગતનું પદ છે. જેનો અર્થ એ થાય છે કે 5 વર્ષનો કાર્યકાળ પૂરો થયા બાદ રાષ્ટ્રપતિ તે રાજ્યપાલને તે જ રાજ્યના કે અન્ય રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરી શકે છે. રાષ્ટ્રપતિ ઈચ્છે તો કાર્યકાળ પૂરો થાય તે પહેલા પણ અન્ય રાજ્યમાં બદલી કરી શકે છે.
- અહીં એ ખાસ યાદ રાખવું કે રાષ્ટ્રપતિની મરજીનો વાસ્તવિક અર્થ મંત્રીપરિષદની મરજી સુધી થાય કારણ કે રાજ્યપાલને પદ પરથી દૂર કરવાની સત્તાનો ઉપયોગ રાષ્ટ્રપતિ માત્ર મંત્રીપરિષદની સલાહથી જ કરી શકે છે.

## રાજ્યપાલ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના અનુચ્છેદ–157 અનુસાર જો કોઈ વ્યક્તિ નીચે મુજબની લાયકાત ધરાવતા હોય તો તે રાજ્યપાલ બની શકે છે.

**રાજ્યપાલ બનવા માટેની લાયકાત**
- ભારતના નાગરિક હોવા જોઈએ
- તે વ્યક્તિ સંસદના કે રાજ્ય વિધાનમંડળના કોઈપણ ગૃહના સભ્ય હોવા જોઈએ નહીં
- 35 વર્ષથી વધુ ઉંમર હોવી જોઈએ
- કેન્દ્ર કે રાજ્ય સરકાર અંતર્ગતની સેવાઓમાં લાભનું પદ ધરાવતા ન હોવા જોઈએ

## રાજ્યપાલના વેતન અને ભથ્થા

ભારતીય બંધારણના અનુચ્છેદ–158મા રાજ્યપાલનુ મળવા પાત્ર વેતન અને અન્ય લાભો વિશેની જોગવાઈઓ કરવામાં આવી છે :

- રાજ્યપાલ વેતન, ભથ્થા અને વિશેષાધિકાર દેશની સંસદ કાયદા દ્વારા નક્કી કરે તે પ્રમાણે મળશે. હાલમાં રાજ્યપાલનું વેતન 3 લાખ 50 હજાર રૂપિયા પ્રતિમાસ છે.
- જો કોઈ વ્યક્તિની બે કે તેથી વધુ રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવે તો તેમને રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવતાં વેતન અને ભથ્થા મળશે.
- રાજ્યપાલને જે સરકારી આવાસ આપવામાં આવે છે. તે 'રાજભવન' તરીકે ઓળખાય છે.

## શપથ

- ભારતીય બંધારણના <u>અનુચ્છેદ– 159</u> મુજબ રાજ્યપાલે પોતાનો હોદ્દો ધારણ કર્યા પહેલા <u>રાજ્યની ઉચ્ચ ન્યાયાલયના</u> <u>મુખ્ય ન્યાયાધીશ</u> અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ સમક્ષ શપથ લેવાના હોય છે.

## રાજ્યપાલના વિશેષધિકારો

ભારતીય બંધારણના અનુચ્છેદ– 361માં રાજ્યપાલને અમુક છુટછાટ અંગેની જોગવાઈ છે. જે નીચે મુજબ છે :

- <u>અનુચ્છેદ– 361 (1)</u> : રાજ્યોના રાજ્યપાલને પોતાના કાર્યકાળ દરમિયાન કરેલા કોઈપણ કાર્ય કે નિર્ણય માટે કોઈ ન્યાયાલયને જવાબદાર નથી. અર્થાત્ તે બાબતે કોઈ ન્યાયિક પ્રક્રિયા થઈ શકે નહીં.
- <u>અનુચ્છેદ– 361 (2)</u> : રાજ્યપાલ પોતાના પદ પર કાર્યરત હોય ત્યારે તેમના વિરુધ્ધ ન્યાયાલયમાં કોઈપણ પ્રકારની સજાકીય કે ગુનાહિત કાર્યવાહી કરી શકાય નહીં.
- <u>અનુચ્છેદ– 361 (3)</u> : રાજ્યપાલ પોતાના પદ પર કાર્યરત હોય તે દરમિયાન તેમની ધરપકડનો આદેશ આપવાનો અધિકાર દેશની કોઈ કોર્ટ પાસે નથી.
- <u>અનુચ્છેદ– 361 (4)</u> : અનુચ્છેદ 361 (4) માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલના વ્યક્તિગત કાર્યો વિરુધ્ધ ન્યાયાલયમાં દીવાની કાર્યવાહી કરી શકાય છે. પરંતુ તે માટે નીચે પ્રમાણેની ત્રણ અગત્યની બાબતો ધ્યાને લેવામાં આવે છે :

(a) તે અંગેની લેખિત સૂચના રાજ્યપાલને આપવી જરૂરી છે.

(b) આ સુચના આપ્યા બાદ ઓછામાં ઓછા બે મહિનાનો સમય આપવો આવશ્યક છે.

(c) રાજ્યપાલને લેખિતમાં આપવામાં આવેલી સૂચનામાં દાવો કરનારનું નામ, સરનામું, કાર્યવાહી અને માંગવામાં આવેલ ન્યાય અંગેનું વિવરણ હોવું જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાજ્યપાલ વિશે મહત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| અનુચ્છેદ 153 | રાજ્યોના રાજ્યપાલ |
| અનુચ્છેદ 154 | રાજ્યપાલની કારોબારી સત્તા |
| અનુચ્છેદ 155 | રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ કરશે |
| અનુચ્છેદ 156 | રાજ્યપાલનો કાર્યકાળ |
| અનુચ્છેદ 157 | રાજ્યપાલ બનવાની લાયકાત |
| અનુચ્છેદ 158 | રાજ્યપાલ પદની અન્ય શરતો |
| અનુચ્છેદ 159 | રાજ્યપાલના શપથ |
| અનુચ્છેદ 160 | કેટલાક આકસ્મિક સંજોગોમાં રાજ્યપાલનના કાર્યોનું વિતરણ |
| અનુચ્છેદ 161 | રાજ્યપાલની સજા ક્ષમાદાન શક્તિ |
| અનુચ્છેદ 162 | રાજ્યની કારોબારી સત્તાનો વિસ્તાર |

## ભારત સરકાર દ્વારા નવા 'સહકાર મંત્રાલય'ની રચના

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા 'સહકાર સે સમૃધ્ધિ' (સહકાર દ્વારા સમૃધ્ધિ)ની દષ્ટિને સાકાર કરવા અને સહકારી આંદોલનને નવી દિશા આપવા માટે એક અલગ 'સહકાર મંત્રાલય' અથવા 'સહકારી મંત્રાલય' (Ministry of Cooperation) બનાવવામાં આવ્યું છે.

- આ મંત્રાલય સહકારી આંદોલનને મજબૂત કરવા માટે એક અલગ વહીવટી, કાનૂની અને નીતિ માળખા પ્રદાન કરશે.
- આ મંત્રાલય સહકારી સંસ્થાઓ માટે વ્યવસાય કરવામાં સરળતા અને બહુ–રાજ્ય સહકારીના વિકાસને સક્ષમ બનાવવા માટેની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવાનું કામ કરશે.
- આ મંત્રાલયની રચના સાથે કેન્દ્ર સરકારમાં 41 મંત્રાલય થઈ જશે.
- નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને તેમના 2021ના કેન્દ્રીય બજેટ ભાષણમાં સહકારી મંડળીઓ માટે એક અલગ વહીવટી માળખું સ્થાપવાનો પ્રસ્તાવ સૌપ્રથમ રજૂ કર્યો હતો.
- સહકાર ભારતી (Sahkar Bharti) દ્વારા પણ રાષ્ટ્રીય સ્તરે સહકારી ક્ષેત્ર માટે અલગ મંત્રાલય બનાવવાની માંગ પણ કરવામાં આવી હતી.
- વર્તમાન ગ્રાહક સહકારી મંડળી, ઉત્પાદક, સહકારી મંડળી, ક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટી, હાઉસિંગ કોઓપરેટિવ સોસોયટી વગેરે જેવી સહકારી મંડળીઓ છે.
- ભારત કૃષિપ્રધાન દેશ છે અને તેણે વિશ્વના સૌથી મોટા સહકારી આંદોલનનો પાયો નાખ્યો છે.
- સહકારી આધારિત આર્થિક વિકાસ મોડેલ ભારતમાં ખૂબ જ સુસંગત છે જ્યાં સભ્ય જવાબદારીની ભાવના સાથે કાર્ય કરે છે.

નોંધ : (1) ભારતના મૂળ બંધારણમાં સહકારી મંડળી અંગે કોઈ જોગવાઈ કરવામાં આવી ન હતી. પરંતુ '97 માં બંધારણીય સુધારા અધિનિયમ, 2011' દ્વારા બંધારણમાં ભાગ 9 (B) (અનુચ્છેદ 243-ZH થી 243 ZT) ઉમેરવામાં આવ્યો.

(2) વર્ષ 1958માં રાષ્ટ્રીય વિકાસ પરિષદે (NDC) સહકારી કામદારોની તાલીમ અને સહકારી માર્કેટિંગ મંડળીઓની સ્થાપના માટે સહકારી મંડળી પર રાષ્ટ્રીય નીતિની ભલામણ કરી હતી.

(3) રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ અધિનિયમ, 1962 હેઠળ 'રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ' (NDC)ના રૂપમાં એક વૈધાનિક સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## WEDNESDAY Questions

1. કયા દિવસના રોજ 'વિશ્વ ચોકલેટ દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 7 જુલાઈ (B) 8 જુલાઈ (C) 9 જુલાઈ (D) 10 જુલાઈ **(A)**

2. તાજેતરમાં ગોવાના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી આરિફ મોહમ્મદ ખાન (B) શ્રી બાંડારૂ દત્તાત્રેય
(C) શ્રી પી.એસ. શ્રીધરન પિલ્લાઈ (D) શ્રી રમેશ બૈસ **(C)**

3. તાજેતરમાં ત્રીપુરાના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી બાંડારૂ દત્તાત્રેય (B) શ્રી થાવરચંદ ગેહલોત
(C) શ્રી સત્યદેવ નારાયણ આર્ય (D) શ્રી રમેશ બૈસ **(C)**

4. તાજેતરમાં ઝારખંડના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી રમેશ બૈસ (B) શ્રી ભગતસિંહ કોશિયારી
(C) શ્રી વજુભાઈ વાળા (D) શ્રી થાવરચંદ ગહેલોત **(A)**

5. તાજેતરમાં હરિયાણાના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી ભગતસિંહ કોશિયારી (B) શ્રી બંડારૂ દત્તાત્રેય
(C) શ્રી પી.એસ. શ્રીધરન પિલ્લાઈ (D) શ્રી મંગુભાઈ પટેલ **(B)**

6. તાજેતરમાં કર્ણાટકના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી થાવરચંદ ગહેલોત (B) શ્રી પલાની સ્વામી
(C) શ્રી તામિલસાઈ સંદરજન (D) શ્રી ઈ.એસ.એલ નરસિમ્હન **(A)**

7. તાજેતરમાં મિઝોરમના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી રાજેન્દ્ર આર્લેકર (B) શ્રી મંગુભાઈ પટેલ
(C) શ્રી રમેશ બૈસ (D) શ્રી હરિ બાબુ કમ્ભમપતિ **(D)**

8. તાજેતરમાં મધ્યપ્રદેશના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ (B) શ્રીમતી આનંદીબેન પટેલ
(C) શ્રી સત્યદેવ નારાયણ આર્ય (D) શ્રી થાવરચંદ ગહેલોત **(A)**

9. તાજેતરમાં હિમાચલ પ્રદેશના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી બંડારૂ દત્તાત્રેય (B) શ્રી રાજેન્દ્ર આર્લેકર
(C) શ્રી હરિ બાબુ કમ્ભમપતિ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

10. ભારત સરકાર દ્વારા તાજેતરમાં કયા મંત્રાલયની રચના કરી છે ?
(A) આત્મનિર્ભર મંત્રાલય (B) સહકાર મંત્રાલય
(C) પૂર્વોત્તર રાજ્ય માટે સહકાર મંત્રાલય (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બોલિવૂડના દિગ્ગજ અભિનેતા શ્રી દિલીપ કુમારનું નિધન

હિન્દી સિનેમા જગતના દિગ્ગજ અભિનેતા અને પ્રથમ સુપર સ્ટાર શ્રી દિલીપ કુમારનું 98 વર્ષની વયે મુંબઈ ખાતે નિધન થયું છે.

- શ્રી દિલીપ કુમારને ભારતીય સિનેમાના મહાન અભિનેતા માનવામાં આવે છે.
- શ્રી દિલીપ કુમારને તેમની દુ:ખદ ભૂમિકાના કારણે 'ટ્રેજેડી કિંગ' તરીકે ઓળખવામાં આવતા હતા.

### શ્રી દિલીપ કુમાર

શ્રી દિલીપ કુમારનો જન્મ 11 ડિસેમ્બર, 1922ના રોજ પેશાવર (હાલ પાકિસ્તાન) ખાતે થયો હતો.

- શ્રી દિલીપ કુમારનું બાળપણનું નામ 'શ્રી મુહમ્મદ યુસુફ ખાન' હતું.
- વર્ષ 1930માં તેમનો પરિવાર મુંબઈ સ્થાયી થયો હતો.
- શ્રી દિલીપ કુમારે તેમની કારકીર્દિની શરૂઆત વર્ષ 1944માં આવેલી ફિલ્મ 'જવર ભાટા'થી કરી હતી.
- શ્રી દિલીપ કુમારે વર્ષ 1966માં સુશ્રી સાયરા બાનુ સાથે લગ્ન કર્યા હતા. આ સમયે શ્રી દિલીપ કુમારની ઉંમર 44 વર્ષની હતી જ્યારે સુશ્રી સાયરાબાનુ 22 વર્ષના હતા.
- તેમની પ્રથમ હિટ ફિલ્મ 'જુગ્નુ' હતી. આ ફિલ્મ વર્ષ 1947માં રિલીઝ થઈ હતી. જેમા તેમણે સુશ્રી નૂરજહાંની સાથે અભિનય કર્યો હતો.
- પાંચ દાયકાથી વધુની કારકીર્દિમાં તેમણે 65 થી વધુ ફિલ્મમાં કામ કર્યુ હતું.
- દીદાર અને દેવદાસ જેવી ફિલ્મોમાં તેમની ગંભીર અથવા દુ:ખદ ભૂમિકાના કારણે તેઓ ટ્રેજેડી કિંગ તરીકે જાણીતા થયા હતા.
- તેમણે 'મુગલ–એ–આઝામ' ફિલ્મમાં મોગલ રાજકુમાર જહાંગીરની ભૂમિકા ભજવી હતી.
- વર્ષ 2000માં તેઓ રાજ્યસભાના સભ્ય બન્યા હતા. (મહારાષ્ટ્ર રાજ્યસભાની બેઠકમાંથી)
- હોલિવૂડની ફિલ્મ લોરેન્સ ઓફ અરેબિયામાં શેરિફ અલીની ભૂમિકા શ્રી દિલીપ કુમારને ઓફર થઈ હતી. પરંતુ તેમણે ના પાડિ દીધી હતી. એટલે શ્રી ઓમર શરિફને એ ભૂમિકા મળી હતી.
- શ્રી રાજ કપૂર અને શ્રી દિલીપ કુમાર સારા મિત્રો અને ફૂટબોલ ખેલાડીઓ હતા.
- વર્ષ 1998માં રિલીઝ થયેલી ફિલ્મ 'કિલા' તેમની છેલ્લી ફિલ્મ હતી.

### દિલીપ કુમાર નામ કેમ પડ્યું ?

'ધી સબસ્ટન્સ એન્ડ ધી શેડો' નામની આત્મકથામાં શ્રી દિલીપ કુમારે કહ્યું હતું કે સુશ્રી દેવિકારાણીએ તેમને બોમ્બે ટોકિઝ મળવા માટે બોલાવ્યા હતા.

- આ દરમિયાન સુશ્રી દેવિકારાણી એ તેમને ફિલ્મ 'જવાર ભાટા'ના હીરો તરીકે રૂ. 1250 પગારની ઓફર કરી હતી.
- આ સમય દરમિયાન અભિનેતા પગાર પર કામ કરતા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સુશ્રી દેવિકારાણીએ કહ્યું હતું કે હવે તમે લાખો લોકો સામે જઈ રહ્યા છો તો તમારૂ શાનદાર નામ રાખીએ એટલે કે એવું નામ કે જે તમારી ઓળખ બની જાય.
- આથી સુશ્રી દેવિકારાનીએ તેમનું શ્રી મુહમ્મદ યુસુફ ખાન નામ બદલીને શ્રી દિલીપ કુમાર રાખ્યું હતું.

## શ્રી દિલીપ કુમારની મહત્વની ફિલ્મો

| ક્રમ | ફિલ્મ | વર્ષ |
|---|---|---|
| 1 | જવર ભાટા | 1944 |
| 2 | જુગ્નુ | 1947 |
| 3 | જોગન | 1949 |
| 4 | બાબુલ | 1950 |
| 5 | દીદાર | 1951 |
| 6 | તારાના | 1951 |
| 7 | દાગ | 1952 |
| 8 | દેવદાસ | 1955 |
| 9 | નયા દૌર | 1957 |
| 10 | મધુમતી | 1958 |
| 11 | મુગલ–એ–આઝામ | 1960 |
| 12 | ગંગા જમુના | 1961 |
| 13 | રામ ઔર શ્યામ | 1967 |
| 14 | શક્તિ | 1982 |
| 15 | મશાલ | 1984 |
| 16 | કર્મા | 1986 |
| 17 | કિલા | 1998 |



ICE INSTITUTE FOR

## પુરસ્કારો

શ્રી દિલીપ કુમારને બેસ્ટ એક્ટર તરીકે 8 ફિલ્મફેર એવોર્ડ્સ મળ્યા હતા.

- વર્ષ 1993માં દિલીપ કુમારને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- વર્ષ 1994માં તેમને ભારતીય ફિલ્મનો સર્વોચ્ચ એવોર્ડ 'દાદાસાહેબ ફાળકે' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- વર્ષ 1998માં તેમને પાકિસ્તાન સરકાર દ્વારા 'નિશાન–એ–પાક' (નિશાન–એ–ઈમ્તિયાઝ) એવોર્ડ મળ્યો હતો.
- આ ઉપરાંત તેમને પદ્મ ભૂષણ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

## બેસ્ટ એક્ટર તરીકે 8 ફિલ્મફેર એવોર્ડ

| ક્રમ | ફિલ્મ | વર્ષ |
|---|---|---|
| 1 | દાગ | 1952 |
| 2 | આઝાદ | 1955 |
| 3 | દેવદાસ | 1956 |
| 4 | નયા દૌર | 1957 |
| 5 | કોહીનૂર | 1960 |
| 6 | લીડર | 1964 |
| 7 | રામ ઔર શ્યામ | 1967 |
| 8 | શક્તિ | 1982 |

## હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વીરભદ્રસિંહનું નિધન

કોંગ્રેસના દિગ્ગજ નેતા અને હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વીરભદ્રસિંહનું 87 વર્ષની વયે નિધન થયું છે.

- તેમના સન્માનમાં હિમાચલ પ્રદેશ સરકારે ત્રણ દિવસનું રાજકીય શોક જાહેર કર્યો છે.
- શ્રી વીરભદ્રસિંહ બુશહર રાજ પરિવાર સાથે સંબંધિત છે તેઓ 'રાજા સાહેબ'ના લોકપ્રીય નામથી ઓળખાતા હતા.
- તેમનો જન્મ 23 જૂન, 1934ના રોજ શિમલા જિલ્લાના સરાહન ખાતે થયો હતો.
- શ્રી વીરભદ્રસિંહ છ વખત હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે ચૂંટાયા હતા.
- તેમણે માર્ચ 1998 થી માર્ચ 2003 સુધી હિમાચલ પ્રદેશ વિધાનસભામાં વિપક્ષી નેતા તરીકે પણ કામ કર્યુ હતું.
- આ ઉપરાંત તેમણે કેન્દ્ર સરકારમાં પર્યટન અને નાગરિક ઉડ્ડયનના નાયબમંત્રી, ઉદ્યોગ રાજ્યમંત્રી અને MSME મંત્રી તરીકે પણ સેવા આપી હતી.

## કેન્દ્ર સરકારનું નવું મંત્રીપરિષદ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મંત્રીમંડળમાં મોટો ફેરફાર કર્યો છે. આ વખતે કેબિનેટમાં ઘણા યુવા અને નવા મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- 7 જુલાઈના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કેબિનેટ કક્ષાના 15 અને રાજ્યકક્ષાના 28 મંત્રીઓને શપથ ગ્રહણ કરાવ્યા હતા.
- આ મંત્રી પરિષદમાં સૌથી વધુ ઉત્તરપ્રદેશના કુલ 7 મંત્રીઓનો સમાવેશ થયો છે.
- જ્યારે ઉત્તરપ્રદેશ બાદ બીજા ક્રમે ગુજરાત 5 અને ત્રીજા ક્રમે મહારાષ્ટ્ર અને પ.બંગાળના 4 મંત્રીઓનો સમાવેશ થયો છે.
- ગુજરાતના શ્રી પરષોતમભાઈ રૂપાલા અને શ્રી મનસુખભાઈ માંડવિયા પહેલેથી જ રાજ્યકક્ષાના મંત્રી હતા, જેને કેબિનેટકક્ષાના મંત્રી તરીકે પ્રમોટ કરાયા છે.
- આ ઉપરાંત ગુજરાતમાંથી સુશ્રી દર્શનાબેન જરદૌસ, શ્રી દેવુસિંહ ચૌહાણ અને ડો. મુંજપરા મહેન્દ્રભાઈનો સમાવેશ કરાયો છે.
- આ ઉપરાંત રાજ્યકક્ષના 7 મહિલા સંસદોએ પણ રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારની નવી મંત્રીપરિષદ

## વડાપ્રધાન

નરેન્દ્રભાઈ મોદી : વ્યક્તિગત મંત્રાલય, લોક, ફરિયાદ અને પેન્શન મંત્રાલય, અવકાશ વિભાગ, પરમાણુ ઉર્જા વિભાગ તથા તમામ નીતિવિષયક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ અને અન્ય મંત્રીશ્રીઓને ન ફાળવેયેલા તમામ ખાતા.

## કેબિનેટ મંત્રીશ્રીઓ

| | | |
|---|---|---|
| 1 | શ્રી રાજનાથ સિંહ | સંરક્ષણ મંત્રાલય |
| 2 | શ્રી અમિત શાહ | ગૃહ મંત્રાલય, નવા સહકારી મંત્રાલયનો હવાલો |
| 3 | શ્રી નીતિન ગડકરી | માર્ગ પરિવહન અને ધોરી માર્ગ મંત્રાલય |
| 4 | શ્રીમતી નિર્મલા સિતારામન | નાણા અને કોર્પોરેટ બાબતો |
| 5 | શ્રી નરેન્દ્રસિંહ તોમર | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય |
| 6 | ડો. એસ. જયશંકર | વિદેશ મંત્રાલય |
| 7 | શ્રી અર્જુન મુંડા | આદિવાસી બાબતો |
| 8 | શ્રીમતી સ્મૃતિ ઈરાની | મહિલા અને બાળવિકાસ મંત્રાલય |
| 9 | શ્રી પિયૂષ ગોયલ | વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ, કાપડ મંત્રાલય |
| 10 | શ્રી ધર્મેન્દ્ર પ્રધાન | શિક્ષણ મંત્રાલય અને સ્કીલ ડેવલપમેન્ટ મંત્રાલય |
| 11 | શ્રી પ્રહલાદ જોશી | સંસદીય બાબતો, કોલસા અને ખાણ મંત્રાલય |
| 12 | શ્રી નારાયણ રાણે | MSME મંત્રાલય |
| 13 | શ્રી સર્બાનંદ સોનવાલ | બંદર–શિપિંગ–જળમાર્ગ મંત્રાલય, આયુષ મંત્રાલય |
| 14 | શ્રી મુખ્તાર અબ્બાસ નકવી | લઘુમતી બાબતોનું મંત્રાલય |
| 15 | ડો. વિરેન્દ્ર કુમાર | સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય |
| 16 | શ્રી ગિરિરાજ સિંહ | ગ્રામિણ વિકાસ મંત્રાલય, પંચાયતી રાજ મંત્રાલય |
| 17 | શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા | નાગરિક અને ઉડ્ડયન મંત્રાલય |
| 18 | શ્રી રામચંદ્ર પ્રસાદ સિંઘ | પોલાદ મંત્રાલય (સ્ટિલ મંત્રાલય) |
| 19 | શ્રી અશ્વિની વૈષ્ણવ | રેલ્વે મંત્રાલય, કોમ્યુનિકેશન મંત્રાલય, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય |
| 20 | શ્રી પશુપતિ કુમાર પારસ | ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી મંત્રાલય |
| 21 | શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત | જળશક્તિ મંત્રાલય |
| 22 | શ્રી કિરેન રિજ્જુ | કાયદા અને ન્યાય મંત્રાલય |
| 23 | શ્રી આર.કે.સિંઘ | ઉર્જા મંત્રાલય અને ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી મંત્રાલય |
| 24 | શ્રી હરદિપસિંઘ પુરી | પેટ્રોલિયમ મંત્રાલય અને હાઉસિંગ–શહેરી મંત્રાલય |
| 25 | શ્રી મનસુખ માંડવિયા | આરોગ્ય મંત્રાલય અને રસાયણ–ખાતર મંત્રાલય |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 26 | શ્રી ભૂપેન્દ્ર યાદવ | પર્યાવરણ અને વન મંત્રાલય, શ્રમ અને રોજગાર મંત્રાલય |
| 27 | શ્રી મહેન્દ્રનાથ પાંડે | ભારે ઉદ્યોગો |
| 28 | શ્રી પરષોતમ રૂપાલા | પશુપાલન, મત્સ્ય અને ડેરી મંત્રાલય |
| 29 | શ્રી જી.કિશન રેડ્ડી | સંસ્કૃતિ મંત્રાલય, પ્રવાસન, ઉત્તરપૂર્વ ભારત વિકાસ મંત્રાલય |
| 30 | શ્રી અનુરાગ ઠાકુર | માહિતી અને પ્રસારણ, યુવા બાબતો અને રમત મંત્રાલય |

## રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ (સ્વતંત્ર હવાલો)

| | | |
|---|---|---|
| 1 | શ્રી રાવ ઈન્દ્રજિત સિંહ | સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પિલિમેન્ટેશન, પ્લાનિંગ અને કોર્પોરેટ મંત્રાલયનો સ્વતંત્ર હવાલો. |
| 2 | ડો. જિતેન્દ્ર સિંહ | સાયન્સ એન્ડ ટેકનોલોજી, અર્થસાય સાયન્સિઝ, પર્સોનલ, એટેમિક એનર્જી અને સ્પેસ મંત્રાલયો |

## રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ

| | | |
|---|---|---|
| 1 | શ્રી શ્રીપદ યેસ્સો નાઈક | બંદર, શિપિંગ અને જળમાર્ગ, પ્રવસન મંત્રાલય |
| 2 | શ્રી ફગ્ગનસિંહ કુલત્સે | સ્ટિલ મંત્રાલય, ગ્રામિણ વિકાસ મંત્રાલય |
| 3 | શ્રી પ્રહલાદસિંહ પટેલ | જળશક્તિ મંત્રાલય, ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ મંત્રાલય |
| 4 | શ્રી અશ્વિની કુમાર ચૌબે | ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય, પર્યાવરણ અને વન મંત્રાલય |
| 5 | શ્રી અર્જુન મેઘવાલ | સંસદીય બાબતોનું મંત્રાલય, સાંસ્કૃતિક મંત્રાલય |
| 6 | જનરલ વી.કે.સિંઘ | માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ, નાગરીક ઉડ્ડયન મંત્રાલય |
| 7 | શ્રી કિશન પાલ | ઉર્જા મંત્રાલય અને ભારે ઉદ્યોગોનું મંત્રાલય |
| 8 | શ્રી દાનવે રાવસાહેબ દાદારાવ | રેલ્વે મંત્રાલય, કોલસા અને ખાણ મંત્રાલય |
| 9 | શ્રી રામદાસ આઠવલે | સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય |
| 10 | સાધવી નિરજંન જ્યોતિ | ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય, ગ્રામિણ વિકાસ મંત્રાલય |
| 11 | શ્રી સંજીવ કુમાર બાલિયાન | પશુપાલન, મત્સ્ય પાલન અને ડેરી મંત્રાલય |
| 12 | શ્રી નિત્યાનંદ રાય | ગૃહ મંત્રાલય |
| 13 | શ્રી પંકજ ચૌધરી | નાણા મંત્રાલય |
| 14 | શ્રીમતી અનુપ્રિયા સિંહ પટેલ | વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય |
| 15 | શ્રી એસ.પી.સિંહ બઘેલ | કાયદા અને ન્યાય મંત્રાલય |
| 16 | શ્રી રાજીવ ચંદ્રશેખર | સ્કીલ ડેવલપમેન્ટ મંત્રાલય, ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય |
| 17 | સુશ્રી શોવા કરાન્જલજે | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય |
| 18 | શ્રી ભાનુપ્રતાપસિંહ વર્મા | MSME મંત્રાલય |
| 19 | શ્રીમતી દર્શના વિક્રમ જરદૈસ | કાપડ મંત્રાલય અને રેલ્વે મંત્રાલય |
| 20 | શ્રી વી. મુરલીધરન | વિદેશ બાબતો અને સંસદીય બાબતોના મંત્રાલય |
| 21 | શ્રીમતી મીનાક્ષી લેખી | વિદેશ બાબતોનું મંત્રાલય, સાંસ્કૃતિક મંત્રાલય |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 22 | શ્રી સોમ પ્રકાશ | વાણિજ્ય–ઉદ્યોગ |
| 23 | શ્રીમતી રેણુકાસિંહ સુરતા | આદિવાસી બાબતોનું મંત્રાલય |
| 24 | શ્રી રામેશ્વર તેલી | પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, શ્રમ મંત્રાલય |
| 25 | શ્રી કૈલાસ ચૌધરી | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય |
| 26 | શ્રીમતી અન્નપૂર્ણા દેવી | શિક્ષણ મંત્રાલય |
| 27 | શ્રી એ. નારાયણ સ્વામી | સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય |
| 28 | શ્રી કૌશલ કિશોર | હાઉસિંગ અને શહેરી બાબતોનું મંત્રાલય |
| 29 | શ્રી અજય ભટ્ટ | સંરક્ષણ અને પ્રવાસન |
| 30 | શ્રી બી.એલ. વર્મા | સહકાર અને ઉત્તરપૂર્વ ભારત વિકાસ મંત્રાલયો |
| 31 | શ્રી અજય કુમાર | ગૃહ મંત્રાલય |
| 32 | દેવુસિંહ ચૌહાણ | કોમ્યુનિકેશન |
| 33 | શ્રી ભગવન્થ ખુબા | નવી અને પુનઃ પ્રાપ્ય ઉર્જા તથા રસાયણ અને ફર્ટિલાઈઝર મંત્રાલય |
| 34 | શ્રી કપિલ મોરેશ્વર પાટિલ | પંચાયતિરાજ મંત્રાલય |
| 35 | સુશ્રી પ્રતિમા ભૌમિક | સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય |
| 36 | ડો. સુભાષ સરકાર | શિક્ષણ |
| 37 | ડો. ભગવત કિશનરાઓ કરાડ | નાણા મંત્રાલય |
| 38 | ડો. રાજનકુમાર રંજન સિંહ | વિદેશ તથા શિક્ષણ મંત્રાલય |
| 39 | ડો. ભારતી પ્રવીણ પવાર | હેલ્થ એન્ડ ફેમિલિ વેલ્ફેર મંત્રાલય |
| 40 | શ્રી બિશ્વેશ્વર તાડુ | ટ્રાઈબલ તથા જળ શક્તિ મંત્રાલય |
| 41 | શ્રી શાંતનુ ઠાકુર | પોર્ટ, શિપિંગ અને વોટર વે મંત્રાલય |
| 42 | ડો. મુંજપરા મહેન્દ્રભાઈ | મહિલા અને બાળ કલ્યાણ તથા આયુષ મંત્રાલય |
| 43 | શ્રી જહોન બર્લો | લઘુમતી બાબતો |
| 44 | શ્રી એલ. મુરુગન | ફિશરિશ, પશુપાલન, ડેરી તથા માહિતી અને પ્રસારણ મંત્રાલય |
| 45 | શ્રી નિશીથ પ્રમાણિક | ગૃહ તથા યુવા અને રમત ગમત મંત્રાલય |

## કેન્દ્રીય મંત્રીપરિષદ વિશે બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના અનુચ્છેદ–74 અંતર્ગત ભારતમાં રાષ્ટ્રપતિને સલાહ આપવા માટે અને સહાય કરવા માટે વડાપ્રધાન જેના વડા હોય તેવી એક મંત્રીપરિષદ હોય છે

- અનુચ્છેદ–75 અંતર્ગત કરવામાં આવેલી જોગવાઈ મુજબ આ મંત્રીઓની નિમણૂક રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહથી કરે છે.

## મંત્રીપરિષદ અને મંત્રીમંડળ વચ્ચેનો તફાવત

મંત્રીપરિષદ અને મંત્રીમંડળ શબ્દો સમાન નથી, પરંતુ બંને વચ્ચે ભેદ છે.

- મંત્રી પરિષદ એટલે બધા જ મંત્રીઓનો સમૂહ.
- આથી, મંત્રી પરિષદમાં કેબિનેટ મંત્રી, રાજ્યમંત્રી અને ઉપમંત્રી એમ તમામ મંત્રીઓનો સમાવેશ થાય છે.
- મંત્રી પરિષદ એટલે...

મંત્રીપરિષદ

કેબિનેટ મંત્રી | રાજ્ય મંત્રી | ઉપમંત્રી

- જ્યારે મંત્રીમંડળ એટલે કેબિનેટ મંત્રીઓનો સમૂહ.
- આથી, મંત્રીમંડળમાં માત્ર કેબિનેટ મંત્રીઓનો જ સમાવેશ થાય છે.
- મંત્રીમંડળ એ મંત્રીપરિષદઅનો જ એક ભાગ છે.
- ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 74</u> તથા <u>75</u>માં મંત્રીપરિષદનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- જ્યારે મંત્રીમંડળ અથવા તો કેબિનેટ શબ્દનો ઉલ્લેખ મૂળ બંધારણમાં ન હતો. પરંતુ તેને <u>અનુચ્છેદ 352</u> અંતર્ગત <u>44મા બંધારણીય સુધારા</u> દ્વારા દાખલ કરવામાં આવ્યો છે.

## મંત્રીઓના પ્રકાર

ભારતીય બંધારણમાં મંત્રીઓના વિવિધ સ્તરોનો કોઈ ઉલ્લેખ નથી.

- પરંતુ ભારતમાં સામાન્ય રીતે મંત્રીપરિષદમાં ત્રણ પ્રકારના મંત્રીઓનો સમાવેશ થાય છે.

મંત્રીઓના પ્રકાર

કેબિનેટ મંત્રી | રાજ્યમંત્રી | ઉપમંત્રી

## (1) કેબિનેટ મંત્રી (Cabinet Ministers)

- કેબિનેટ મંત્રીએ મંત્રીપરિષદના મહત્વપૂર્ણ મંત્રી છે.
- કેબિનેટ મંત્રી એ મંત્રીપીરષદના પ્રથમ હરોળના મંત્રી છે. તથા મંત્રી પરિષદની તમામ બેઠકોમાં ભાગ લઈ શકે છે.
- કેબિનેટ મંત્રી એ તેમને આપવામાં આવેલ વિભાગના પ્રમુખ હોય છે. જેના નિર્ણયો તે સ્વતંત્ર લઈ શકે છે.
- ટૂંકમાં ભારત સરકારના મહત્ત્વના વિભાગો જેવા કે રક્ષા, ગૃહ, રેલ્વે, નાણાં અને અન્ય વિભાગોના મંત્રીશ્રીઓ કેબિનેટ મંત્રીઓ કહેવાય છે.
- મૂળ બંધારણમાં '<u>કેબિનેટ</u>' શબ્દનો કોઈ ઉલ્લેખ ન હતો. <u>44મા બંધારણીય સુધારો, 1978</u> દ્વારા અનુચ્છેદ 352ના સંદર્ભમાં આ શબ્દ ઉમેરવામાં આવ્યો.

  નોંધ : <u>અનુચ્છેદ 352</u>માં કટોકટીની જોગવાઈના સંદર્ભમાં લખેલુ છે કે પ્રધાનમંત્રી અને કેબિનેટથી લેખિત ભલામણ થી જ રાષ્ટ્રપતિ કટોકટી જાહેર કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) રાજ્ય મંત્રી (State Ministers)

- રજ્યમંત્રીઓનુ મહત્ત્વ કેબિનેટ મંત્રીથી થોડું ઓછું હોય છે.
- રાજ્ય કક્ષાના મંત્રી એ મંત્રીપરિષદના બીજી હરોળના મંત્રી છે.
- રાજ્ય કક્ષાના મંત્રીઓ તમામ બેઠકોમાં ભાગ લઈ શકતા નથી માત્ર તેમને આંમત્રિત કરેલ બેઠકમાં જ ભાગ લઈ શકે છે.
- રાજ્ય કક્ષાના મંત્રીઓ બે પ્રકારના હોય છે :

  (i) સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય મંત્રીઓ

  (ii) સ્વતંત્ર હવાલો ધારવતા ન હોય તેવા રાજ્યમંત્રીઓ

### (i) સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય મંત્રીઓ

- સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્યમંત્રીઓ કેન્દ્રીય કેબિનેટ મંત્રી અંતર્ગત કાર્ય કરતા નથી, પરંતુ તેઓ જે તે વિભાગનો સ્વતંત્ર હવાલો ધરાવતા હોય છે.
- આ મંત્રીઓને બેઠકમાં ત્યારે જ આમંત્રણ આપવામાં આવે છે, જ્યારે તેમના વિષયની બેઠકમાં ચર્ચા કરવાની હોય.

### (ii) સ્વતંત્ર હવાલો ન ધરાવતા રાજ્ય મંત્રીઓ

- સ્વતંત્ર હવાલો ન ધરાવતા રાજ્ય મંત્રીઓ કેબિનેટ મંત્રીઓ અંતર્ગત કાર્ય કરે છે, તેઓને વિભાગનો સ્વતંત્ર ચાર્જ આપવામાં આવતો નથી.
- કેબિનેટ મંત્રીઓની બેઠકમાં તેઓને ભાગ લેવાનો અધિકાર નથી.

## (3) ઉપમંત્રી (Deputy Ministers)

- આ મંત્રીઓ સ્વતંત્ર હવાલો ધરાવતા નથી, પરંતુ કેબિનેટ મંત્રી કે સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય મંત્રીના મદદરૂપ તરીકે કાર્ય કરે છે.
- સામાન્ય રાતે રાજનીતિમાં પ્રવેશ પામેલા નવા સભ્યોની મંત્રી તરીકેની તાલીમ આપવા માટે ઉપમંત્રી તરીકે નિમણૂક કરવામાં આવે છે.

નોંધ : (1) મંત્રીપરિષદ એ અનુચ્છેદ 75 અનુસાર સામૂહિક રીતે લોકસભાને જવાબદાર છે.

(2) મંત્રીપરિષદના દરેક મંત્રી વ્યક્તિગત રીતે રાષ્ટ્રપતિને જવાબદાર છે.

(3) ભારતમાં મંત્રીપરિષદની કોઈ કાયદાકીય જવાબદારી હોતી નથી. જ્યારે બ્રિટનમાં મંત્રીઓની કાયદાકીય જવાબદારી પણ છે.

(4) રાષ્ટ્રપતિ મંત્રીપરિષદની સલાહ માનવા બંધાયેલા છે. આવો સુધારો 42મો બંધારણીય સુધારો 1976 દ્વારા કરવામાં આવેલો 44મો બંધારણીય સુધારો, 1978 દ્વારા રાષ્ટ્રપતિને સત્તા આપવામાં આવી કે તેઓ મંત્રીપરિષદ દ્વારા આપવામાં આવેલી સલાહને પુનઃ વિચારણા બાદ આપવામાં આવેલ સલાહ માનવા તેઓ બંધાયેલ છે.

(5) કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા રાષ્ટ્રપતિને આપવામાં આવેલી સલાહની કોઈપણ અદાલતમાં તપાસ કરી શકાશે નહીં.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મંત્રી બનવાની લાયકાત

બંધારણના <u>અનુચ્છેદ 75 (5)</u> માં મંત્રીની લાયકાત અંગેની જોગવાઈ છે. જે મુજબ :

(a) સંસદના બેમાંથી કોઈપણ એક ગૃહના સભ્ય હોવા જોઈએ. જેનો અર્થ એવો પણ થાય કે લોકસભા કે રાજ્ય સભાના સભ્ય બનવા જે લાયકાત જોઈએ તે મંત્રી બનવા માટે પર્યાપ્ત છે.

(b) જો કોઈ વ્યક્તિ સંસદના કોઈ ગૃહનો સભ્ય ન હોય અને કોઈ વિભાગના મંત્રી બનાવવામાં આવે તો તે વધુમાં વધુ <u>6 મહિના</u> મંત્રી પદ પર રહી શકે છે. અને જો 6 મહિનામાં કોઈ ગૃહનો સભ્ય બને તો તે પોતાના પદ પર ચાલુ રહે છે.

નોંધ : 6 મહિનામાં કોઈપણ ગૃહના સભ્ય બનવું ફરજિયાત છે.

## મંત્રીઓની શપથ

મંત્રીઓએ <u>રાષ્ટ્રપતિ સમક્ષ</u> બંધારણની ત્રીજી અનુસૂચી મુજબના મંત્રી તરીકેના શપથ લેવાના હોય છે.

## મંત્રીઓનો કાર્યકાળ

ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 75 (2)</u> અંતર્ગત દરેક મંત્રી <u>Pleasure of President</u> એટલે કે રાષ્ટ્રપતિની રાજીખુશી સુધી મંત્રી પદ પર રહે છે.

- જોકે અહીં <u>Pleasure of President</u> (રાષ્ટ્રપતિની રાજીખુશી)એ વાસ્તવમાં વડાપ્રધાનની રાજીખુશી છે.
- કેમ કે, રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહ પ્રમાણે જ મંત્રીઓની નિમણૂક અને તેમને હોદ્દા પરથી દૂર કરે છે.

## મંત્રીઓના પગાર

ભારતમાં મંત્રીશ્રીઓને સંસદ સભ્ય જેટલો જ એટલે કે રૂ. 1 લાખ પગાર મળે છે.

- મંત્રીઓના હોદ્દા માટે અલગથી પગાર–ભથ્થાની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી.

## મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા

બંધારણ સભાએ મૂળ બંધારણમાં મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા કેટલી રાખવી તે અંગે કોઈ ચોક્કસ જોગવાઈ કરી ન હતી.

- ત્યારબાદ <u>91મો બંધારણીય સુધારો 2003</u> થી બંધારણમાં <u>અનુચ્છેદ 75 (1) (A)</u> ઉમેરવામા આવ્યો અને મંત્રી પરિષદમાં મંત્રીઓની સંખ્યા નિશ્ચિત કરવામાં આવી. જેથી વહીવટમાં સરળતા રહે અને મતભેદ ઉભો ન થાય.
- આ સુધારા અંતર્ગત જોગવાઈ કરવામાં આવી કે મંત્રી પરિષદમાં પ્રધાનમંત્રી સહિત તમામ મંત્રીઓની કુલ સભ્ય સંખ્યા <u>15%</u> થી વધુ હોવી જાઈએ નહીં.

નોંધ : મંત્રીપરિષદનો કોઈ મંત્રી જે સંસદના કોઈ એક ગૃહનો સભ્ય છે તે બેમાંથી કોઈપણ એક ગૃહમાં ચર્ચામાં ભાગ લઈ શકે છે. પરંતુ પોતે જે ગૃહનો સભ્ય હોય તે ગૃહમાં જ મતદાન કરી શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## THRUSDAY Questions

1. તાજેતરમાં શ્રી દિલીપ કુમારનું નિધન થયું હતું. તેમનો જન્મ કયા સ્થળે થયો હતો ?

(A) લાહોર (B) લુધિયાણા (C) પેશાવર (D) મુંબઈ — (C)

2. બોલિવૂડના કયા અભિનેતાને તેની દુઃખદ ભૂમિકાના કારણે 'ટ્રેજેડી કિંગ' તરીકે ઓળખવામાં આવતા હતા ?

(A) શ્રી દિલીપ કુમાર (B) શ્રી રાજ કુમાર (C) શ્રી ઈરફાન ખાન (D) શ્રી અહમદ ખાન — (A)

3. તાજેતરમાં શ્રી વીરભદ્રસિંહનું નિધન થયું છે. તે કયા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી હતા ?

(A) હિમાચલ પ્રદેશ (B) ઉત્તરાખંડ (C) બિહાર (D) ઝારખંડ — (A)

4. ભારતના કેબિનેટ કક્ષાના સંરક્ષણ મંત્રીનું નામ શું છે ?

(A) શ્રી અમિત શાહ (B) શ્રી રાજનાથ સિંહ (C) શ્રી ડો. હર્ષવર્ધન (D) શ્રી રવિશંકર પ્રસાદ — (B)

5. ભારત કેબિનેટ કક્ષાના ગૃહમંત્રીનું નામ શું છે ?

(A) શ્રી અમિત શાહ (B) શ્રી રાજનાથ સિંહ (C) શ્રી ડો. હર્ષવર્ધન (D) શ્રી રવિશંકર પ્રસાદ — (A)

6. તાજેતરમાં નવરચિત સહકારી મંત્રાલયનો હવાલો કોની પાસે છે ?

(A) શ્રી નરેન્દ્રસિંહ તોમર (B) શ્રી પિયુષ ગોયલ (C) શ્રી એસ જય શંકર (D) શ્રી અમિત શાહ — (D)

7. વર્તમાન કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રીનું નામ જણાવો ?

(A) શ્રીમતી અનુપ્રિયા સિંહ પટેલ (B) શ્રીમતી નિર્મલા સિતારામન

(C) શ્રીમતી સ્મૃતિ ઈરાની (D) શ્રીમતી રેણુકાસિંહ — (B)

8. તાજેતરમાં ભારતના કેબિનેટ કક્ષાના વિદેશ મંત્રી તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) ડો. એસ જયશંકર (B) શ્રી અર્જુન મુંડા (C) શ્રી પિયુષ ગોયલ (D) શ્રી વિરેન્દ્ર કુમાર — (A)

9. ભારતના કેબિનેટ કક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રીનું નામ શું છે ?

(A) શ્રીમતી નિર્મલા સિતારામન (B) શ્રી રવિશંકર પ્રસાદ

(C) શ્રીમતી સ્મૃતિ ઈરાની (D) શ્રી ગિરિરાજ સિંહ — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેરળમાં ઝિકા વાયરસ (Zika Virus) નો કેસ નોંધાયો

તાજેતરમાં કેરળમાં ઝિકા વાયરસ રોગનો પ્રથમ કેસ નોંધાયો હતો.

- ઝિકા વાયરસથી ચેપ લાગ્યો હોય તેવા 13 લોકોના નમૂના પૂણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વિરોલોજીમાં મોકલવામાં આવ્યા છે.
- આ વાયરલ ચેપના લક્ષણોમાં તાવ, ત્વચા પર ફોલ્લીઓ, સ્નાયુઓ અને સાંધાનો દુખાવો, સ્થિરતા અને માથાનો દુખાવો શામેલ છે.

### ઝિકા વાયરસ

ઝિકા વાયરસ એ મચ્છર જન્ય ફલેવિવાયરસ છે જેની ઓળખ પ્રથમ વખત વર્ષ 1947માં યુગાન્ડામાં વાંદરાઓમાં કરવામાં આવી હતી.

- ત્યારબાદ વર્ષ 1952માં યુગાન્ડા અને યુનાઈડટેડ રિપબ્લિક ઓફ તાંઝનિયામાં માણસોમાં તેમની ઓળખ થઈ હતી.
- ઝિકા વાયરસ રોગ મુખ્યત્વે એડીસ મચ્છર દ્વારા ફેલાયેલા વાયરસથી થાય છે.
- એડીસ મચ્છર ડેન્ગ્યુ, ચિકન ગુનિયા અને પીળા તાવનું પણ કારણ છે.

### લક્ષણો

ઝિકા વાયરસના લક્ષણો સામન્ય રીતે હળવા હોય છે. તેમાં તાવ આવવો, ફોલ્લીઓ, નેત્રસ્તર દાહ, સ્નાયુ અને સાંધાનો દુખાવો, અસ્વસ્થા અથવા માથાનો દુખાવો થાય છે.

- આ વાયરલ ચેપ સગર્ભા સ્ત્રીઓમાં ગર્ભના વિકાસને પણ ગંભીર રીતે નુકસાન પહોંચાડે છે.

નોંધ : (1) ઝિકા વાયરસ માટે કોઈ રસી અથવા દવા ઉપલબ્ધ નથી.

(2) પીળો તાવ એ મચ્છર દ્વારા ફેલાતો રોગ છે. તે કમળો જેવું છે તેથી જ પીળા તાવ તરીકે ઓળખાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ઉદ્‌યન માને ટોક્યો ઓલિમ્પિકમાં ક્વોલિફાઈ થનાર બીજા ભારતીય બન્યા

ભારતીય ગોલ્ફર શ્રી ઉદ્‌યન માને ટોક્યો ઓલિમ્પિક 2020 માટે ક્વોલિફાઈ થયા છે.

- આ સાથે ટોક્યો ઓલિમ્પિક ક્વોલિફાઈ થનાર બીજા ભારતીય ગોલ્ફર ખેલાડી બન્યા છે.
- તે 60 ખેલાડીઓના ક્ષેત્રમાં મેન્સ ગોલ્ફ ઈવેન્ટમાં શ્રી અનિર્બલ લહિડી સાથે શામેલ થયા છે.
- શ્રી અનિર્બલ લિહિડી સતત બીજી ઓલિમ્પિકમાં ભાગ લેશે. તેમણે શ્રી એસ.એસ.પી ચૌરાસિયા સાથે રિયો 2016 ઓલિમ્પિકમાં પણ ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.
- શ્રી ઉદ્‌યન માનેનો જન્મ 24 ફેબ્રુઆરી, 1991ના રોજ બેંગ્લોર ખાતે થયો હતો.
- તેઓ ભારતીય પ્રોફેશનલ ગોલ્ફર છે. વર્તમાન તેઓ વિશ્વમાં ગોલ્ફમાં 356માં નંબરે છે.
- ટોક્યો ગોલ્ફ ઈવેન્ટમાં 35 દેશોના 60 ખેલાડીઓ ભાગ લેશે.

## LIC માં અધ્યક્ષ (Chairman)ની જગ્યાએ CEO અને MD નું પદ બનાવવામાં આવશે.

ભારતીય જીવન વીમા નિગમ (LIC) એક્ઝિક્યુટિવ ચેરમેનને બદલે મેનેજિંગ ડિરેક્ટર (MD) અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO)ના પદ બનાવશે.

- આ ફેરફારો મેગા ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO)ની શરૂઆતની પૃષ્ઠભૂમિમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.
- જાહેર ક્ષેત્રના બેન્કિંગ ઉદ્યોગની તર્જ પર હવે ચેરમેનના બદલે CEO હશે.
- નાણાં મંત્રાલય હેઠળ નાણાંકીય સેવાઓ વિભાગ દ્વારા ભારતીય જીવન વીમા નિગમ (કર્મચારી) પેન્શન (સુધારા)ના નિયમોમાં સુધારો કરીને આ ફેરફાર કરવામાં આવ્યા છે.
- LIC એક્ટ, 1956 હેઠળ કેટલાક અન્ય નિયમોમાં પણ સુધારો કરવામાં આવ્યો છે.
- આ સુધારા પછી LICનું સંચાલન હવે કંપની અધિનિયમ અને સેબી એક્ટ દ્વારા કરવામાં આવશે.

નોંધ : CEO અને MD ની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા LIC એક્ટ, 1956 ની કલમ 4 હેઠળ કરવામાં આવશે.



## FRIDAY Questions

1. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં ઝિકા વાયરસનો પ્રથમ કેસ નોંધાયો હતો ?

(A) તમિલનાડુ (B) કેરળ (C) મધ્યપ્રદેશ (D) ત્રિપુરા

(B)

2. ઝિકા વાયરસ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) ઝિકા વાયરસ એ મચ્છરજન્ય ફ્લેવિવાયરસ છે.

(B) તેની ઓળખ પ્રથમ વખત વર્ષ 1947માં યુગાન્ડામાં વાંદરામાં કરવામાં આવી હતી.

(C) ઝિકા વાયરસ રોગ મુખ્યત્વે એડીસ મચ્છર દ્વારા ફેલાયેલા વાયરસથી થાય છે.

(D) ઉપરોક્ત તમામ

(D)

3. શ્રી ઉદ્યન માને કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) ગોલ્ફ (B) સ્વીમિંગ (C) હોકી (D) ભાલાફેક

(A)

4. શ્રી અનિર્બલ લિહિડી (લિહારી) કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) ગોલ્ફ (B) સ્વીમિંગ (C) હોકી (D) ભાલાફેક

(A)

5. LIC માં અધ્યક્ષ (ચેરમેન)ની જગ્યાએ હવે કયા પદનું નિર્માણ કરવામાં આવશે ?

(A) CEO (B) MD

(C) (A) અને (B) બંને (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં.

(C)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Henley Passport Index- 2021મા ભારત 90મા ક્રમે

Henley & Partners દ્વારા તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા વર્ષ 2021ના પાસપોર્ટ ઈન્ડેક્સ (Passport Index)માં વિશ્વના વિવિધ દેશોમાં ભારત 90મા ક્રમે છે.

- જ્યારે આ અગાઉ જાન્યુઆરી 2020 દરમિયાન પ્રસિધ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં 84મા ક્રમે હતું.
- વર્ષ 2021ના આ ઈન્ડેક્સમાં ભારત ઉપરાંત તાજિકિસ્તાન અને ગૈબોન પણ 90 મા ક્રમે છે.
- જ્યારે જાપાન આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે છે.
- જાપાન બાદ સિંગાપોર બીજા અને જર્મની તથા સાઉથ કોરિયા ત્રીજા ક્રમે છે.
- આ ઉપરાંત અફઘાનિસ્તાન આ ઈન્ડેક્સમાં અંતિમ 116માં ક્રમે છે.
- આ ઈન્ડેક્સ મુજબ જાપાની પાસપોર્ટ 193 દેશોમાં વિઝા ફ્રી કે વિઝા ઓન એરાઈવલની સુવિધા ધરાવે છે.
- ભારતીય પાસપોર્ટ વિશ્વના કુલ 58 દેશોમાં ફ્રી વિઝા સુવિધા ધરાવે છે.

### Henley Passport Index- 2021 Rank

| ક્રમ | દેશનું નામ/ પાસપોર્ટ | કેટલા દેશમાં ફ્રી વિઝા સુવિધા ધરાવે છે |
|---|---|---|
| 1 | જાપાન | 193 |
| 2 | સિંગાપોર | 192 |
| 3 | જર્મની, સાઉથ કોરિયા | 191 |
| 72 | ચીન | 78 |
| 90 | ભારત, તાજિકિસ્તાન, ગૈબોન | 58 |
| 106 | બાંગ્લાદેશ, લેબોનોન, સુદાન | 106 |
| 113 | પાકિસ્તાન | 32 |
| 116 | અફઘાનિસ્તાન | 26 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- નોધં : હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ વર્ષ 2006 થી પ્રસિધ્ધ થાય છે.

## ઓક્સફેમે Hunger Virus Multiplies Report બહાર પાડ્યો

ઓક્સફેમના રિપોર્ટ અનુસાર જ્યારથી કોવિડ–19 મહામારી શરૂ થઈ ત્યારથી ભૂખમરાથી થનાર મૃત્યુ SARS-CoV-2 વાયરસથી થનાર મૃત્યુનો આંક વટાવી રહ્યો છે.

- Covid-19 મહામારીના આર્થિક વિક્ષેપો ઉપરાંત વધતી જતી હવામાન સંકટથી ગરીબી અને વિશ્વના ભૂખમરોથી પીડિત પ્રદેશોમાં ખોરાકની અસલામતી વધુ તીવ્ર બની છે.
- જ્યાં સુધી સરકારો ખોરાકની અસાલમતી અને તેના મૂળ કારણોને તત્કાલીન ધ્યાન આપશે નહીં તયા સુધી પરિસ્થિતિ વધુ વણસી શકે છે.
- આ અહેવાલ મુજબ ભૂખમરાના કારણે પ્રતિ મિનિટ 11 લોકોના મૃત્યું થાય છે.
- ભૂખથી સંબંધિત આ દર Covid-19 મૃત્યુ દર કરતા વધારે છે જે પ્રતિ મિનિટ 7 લોકો છે.
- નોંધનીય છે કે વિશ્વભરના 155 મિલિયન લોકો હવે ખોરાકની અસલામતી અથવા કટોકટીના ખરાબ સ્તરમાં જીવી રહ્યા છે. વર્ષ 2020ની તુલનામાં તેમાં 20 મિલિયનનો વધારો થયો છે.

1. Henly Passport Index 2021માં ભારત કેટલામાં ક્રમે રહ્યું છે ?

(A) 75 (B) 84 (C) 90 (D) 101 (C)

2. Henly Passport Index- 2021 માં પ્રથમ ક્રમાંકે કયો દેશ છે ?

(A) જાપાન (B) સિંગાપોર (C) જર્મની (D) દ.કોરિયા (A)

3. Henly Passport Index- 2021 માં બીજા ક્રમે કયો દેશ છે ?

(A) સાઉથ કોરિયા (B) જર્મની (C) સિંગાપોર (D) ચીન (C)

4. Henly Passport Index- 2021 માં અંતિમ ક્રમે કયો દેશ છે ?

(A) અફઘાનિસ્તાન (B) બાંગ્લાદેશ (C) શ્રીલંકા (D) હેતી (A)

5. Henly Passport Index- 2021 અનુસાર ભારતીય પાસપોર્ટ વિશ્વના કુલ ____દેશોમાં ફ્રી વિઝા સુવિધા ધરાવે છે.

(A) 52 (B) 54 (C) 56 (D) 58 (D)

6. ઓક્સફેમના રિપોર્ટ અનુસાર ભૂખમરાના કારણે પ્રતિમિનિટ કેટલા લોકોના મૃત્યુ થાય છે ?

(A) 11 (B) 20 (C) 21 (D) 40 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **બોટાદ જિલ્લાના કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ગઢડા ખાતે PSA ઓક્સિજન પ્લાન્ટનું ઈ-લોકાર્પણ**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બોટાદ જિલ્લાના કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ગઢડા ખાતે PSA ઓક્સિજન પ્લાન્ટનું ઈ–લોકાર્પણ કર્યુ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે કોરોનાની સંભવીત ત્રીજી લહેરને પહોંચી વળવા રાજ્યમાં 1800 મેટ્રિક ટન ઓક્સિજન ઉત્પાદન કરવાના આયોજન સાથે 300 પ્લાન્ટ ઈન્સ્ટોલ કરી દેવામાં આવ્યા છે. બોટાદ જિલ્લામાં હાલ બે ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત છે. રૂ. 22 લાખના ખર્ચે નિર્માણ થયલો ગઢડા કોમ્યુનિટી હેલ્થ સેન્ટરનો આ પ્લાન્ટ દર મિનિટે 150 લીટર ઓક્સિજન ઉત્પાદન કરશે જેનો ગઢડાની આસપાસના 80 ગામોના લોકોને જરૂરિયાતાના સમયે લાભ મળશે.

➤ **કચ્છ જિલ્લાને નર્મદાનું વધારાનું એક મિલિયન એકર ફીટ પાણી પહોંચાડવા રૂ. 3875 કરોડની યોજનાને સૈધ્ધાંતિક મંજૂરી.**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના જણાવ્યા અનુસાર કચ્છને નર્મદાનું વધારાનું 1 મિલિયન એકર ફીટ પાણી પહોંચાડવા રૂ. 3875 કરોડની યોજનાને વહીવટી મંજૂરી ટૂંક સમયમાં આપવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી એ જણાવ્યું હતું કે કચ્છને લીલો છમ જિલ્લો બનાવવા સરકાર કટિબધ્ધ છે. રાપર, અંજાર, મુંદ્રા, માંડવી, ભૂજ, નખત્રાણા, લખપત અને અબડાસામાં સિંચાઈનું પાણી પહોંચાડવામાં આવશે. આ યોજનાના પ્રથમ ફેઝનું કાર્ય શરૂ થતા જ બીજા ફેઝની પણ મંજૂરી આપવામાં આવશે. આ યોજનાથી કચ્છના 6 તાલુકાઓના 96 ગામોના 3,80,000 લોકો અને 2,35,000 એકર જમીનને નર્મદા જળની સુવિધા મળશે. આ ઉપરાંત 38 જળાશયોમાં નર્મદાના પાણી ભરવામાં આવશે.

## ભારત

➤ **ઈન્વેસ્ટ ઈન્ડિયાએ 'મોસ્ટ ઈનોવેટિવ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી 2021' એવોર્ડ જીત્યો.**

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલ તથા માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે OCO Global દ્વારા 'ઈન્વેસ્ટ ઈન્ડિયા'ને 'મોસ્ટ ઈનોવેટિવ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી 2021' એવોર્ડ એનાયત કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ઈન્વેસ્ટ ઈન્ડિયાએ ભારતની રાષ્ટ્રીય રોકાણ પ્રમોશન અને સુવિધા એજન્સી છે. તેમની સ્થાપના વર્ષ 2009માં ઉદ્યોગ અને આંતરિક પ્રમોશન વિભાગના બિન–લાભાકારી એન્ટરપ્રાઈઝ તરીકે કરવામાં આવી હતી. ઈન્વેસ્ટ ઈન્ડિયાએ રોકાણ પ્રમોશન એજન્સી અને બહુપક્ષીય સંસ્થાઓ સાથે ભાગીદારી કરી છે.

➤ **ભારત CoWIN Global Conclave નું આયોજન કરશે.**

CoWIN Global Conclave નું આયોજન 5 જુલાઈ, 2021ના રોજ થયું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સંમેલનને સંબોંધન કર્યુ હતું. આ CoWIN Global Conclave માં વિવિધ દેશોના નિષ્ણાતો સામેલ થયા હતા. જેમાં મેક્સિકો, કેનેડા, નાઈજીરીયા, યુગાન્ડા અને પનામા જેવા 50 જેટલા દેશોએ આ સમેલનમાં ભાગ લીધો હતો. ભારત અન્ય દેશોને તેમની કોવિડ–19 રસીકરણ અભિયાન હાથ ધરવા માટે કોવિન પ્લેટફોર્મ આપશે. કોવિન ગ્લોબલ કોનક્લેવ એ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અને NHA ની સંયુક્ત પહેલ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડો. હર્ષવર્ધને આ કોન્ફલેવનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. કો–વીન દ્વારા કોવિડ–19 સામે લડવા માટે યુનિવર્સલ ઈમ્યુનાઈઝેશન સંદર્ભે ભારતના અનુભવને વહેંચવાના હેતુથી આ કોન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું.

➤ **શ્રીનગરે UAV સંગ્રહ, વેચાણ, વપરાશ અને પરિવહન પર પ્રતિબંધ મુક્યો**

શ્રીનગર જિલ્લા અધિકારીઓએ ડ્રોન અને સામાન માનવરહિત હવાઈ વાહનો (UAV)ના સંગ્રહ, વેચાણ, ઉપયોગ અને પરિવહન પર પ્રતિબંધ લગાવ્યો છે. આ હુકમમાં સત્તાધીશોને મહત્વપૂર્ણ સ્થાપનાઓ અને ઉચ્ચ વસતીવાળા વિસ્તારોની નજીક હવાઈ જગ્યા સુરક્ષિત રાખવા કહેવામાં આવ્યું છે. આમ તમામ સામાજિક અને સાંસ્કૃતિક મેળાવડાઓમાં ડ્રોનનો ઉપયોગ બંધ કરવામાં આવ્યો છે. UAV પર પ્રતિબંધ મુકવાનો આદેશ CrPCની કલમ 144 હેઠળ જારી કરવામાં આવ્યો હતો. ડિરેક્ટોરેટ જનરલ ચીફ જનરલ ઓફ સિવિલ એવિએશન (DCGA) એ પણ વજનના વર્ગીકરણ, અનન્ય ઓળખ નંબરો, ગતિ પ્રતિબંધો, વગેરેના સંદર્ભમાં ડ્રોનનો ઉપયોગ નિયંત્રિત કરવા માટે ડ્રાફ્ટ માર્ગદર્શિકા આપી છે.

➤ **નિપૂણ ભારત પહેલ (NIPUN Bharat Iniative)**

કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી રમેશ પોખરિયાલ 'નિશંક'એ 5 જુલાઈ, 2021ના રોજ 'નિપૂણ ભારત પહેલ' નામની નવી યોજના શરૂ કરી છે. NIPUN નું પૂરું નામ 'National Initiative for Proficiency in Reading with Understanding and Numeracy' છે. જેનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે દેશમાં વર્ષ 2026-27 સુધીમાં ધોરણ 3 નો અભ્યાસ પૂર્ણ કરનાર દરેક બાળકમાં પર્યાપ્ત આધારભૂત સાક્ષરતા અને આંકડાકીય ક્ષમતા હાંસલ થાય. આ પહેલ શાળા શિક્ષણ કાર્યક્રમ સમાગરા શિક્ષાના ભાગરૂપે હશે. કેન્દ્ર સરકારના શાળ શિક્ષણ વિભાગ દ્વારા NIPUN ભારત પહેલનો અમલ કરવામાં આવશે. આના અમલ માટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા, બ્લોક અને શાળાના સ્તરે પાંચ સ્તરના અમલીકરણ મિકેનિઝમની સ્થાપના કરવામાં આવશે.

## ➤ કિંગ કોબ્રા અને તિલારી રિઝર્વ

તાજેતરમાં મહારાષ્ટ્રના સિંધૂદુર્ગ જિલ્લાના તિલારી સંરક્ષણ રિઝર્વમાં એક કિંગ કોબ્રા જોવા મળ્યો હતો. નોંધનીય છે કે જુલાઈ, 2020માં મહારાષ્ટ્ર સરકારે સિંધૂદુર્ગ જિલ્લામાં સ્થિત ડોડમાર્ગ જંગલ વિસ્તારનો આશરે 29.53 ચોરસ કિલોમીટર વિસ્તારને 'તિલારી સંરક્ષણ રિઝર્વ' તરીકે જાહેર કર્યો હતો. કિંગ કોબ્રા પૃથ્વી પરના સૌથી ઝેરી સાપમાંનો એક છે. તે વિશ્વનો એકમાત્ર સાપ છે જે ઈંડા મૂકવા માટે માળાઓ બનાવે છે. તે મુખ્યત્વે ભારત, દક્ષિણ ચીન અને દક્ષિણપૂર્વ એશિયાના વરસાદી જંગલો અને મેદાનોમાં વસે છે. તિલારી મહારાષ્ટ્ર રાજ્યનો સાતમો વન્યપ્રાણી કોરિડોર છે. જેને 'સરંક્ષણ રિઝર્વ' તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે.

## ➤ સર ચેટ્ટૂર શંકરન નાયર

સર ચેટ્ટૂર શંકરન નાયરના જીવન પર આધારિત એક બાયોપિક ટૂંક સમયમાં બનાવવામાં આવશે. વર્ષ 2019માં શ્રી રઘુ પલત અને સુશ્રી પુષ્પા પલત દ્વારા લિખિત પુસ્તક 'The Case that Shook the Empire' પર આધારિત હશે. સર ચેટ્ટૂર શંકરન નાયરનો જન્મ માલાબાર ક્ષેત્રમાં પલક્કડ જિલ્લાના માનકરા ગામમાં વર્ષ 1857માં થયો હતો. તેઓ સામાજિક સુધારણાના સમર્થક અને ભારતના આત્મનિર્ભરતાના મક્કમ વિશ્વાસનાર તરીકે જાણીતા છે. એક ઉગ્ર સ્વાતંત્ર્ય સેનાની તરીકે તેમણે ભારતના સ્વરાજ્યના અધિકારમાં નિશ્ચિતપણે વિશ્વાસ કર્યો હતો. વર્ષ 1919માં વાઈસરોયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં જોડાતા તેમણે મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારામાં જોગવાઈઓ વિસ્તૃત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

## ➤ ટેલી-લો-કાર્યક્રમ (Tele - Law Programme)

તાજેતરમાં જસ્ટિસ ડિપાર્ટમેન્ટના ટેલિ–લો–કાર્યક્રમથી નવ લાખ લાભાર્થીઓને આકડો પાર કર્યો છે. 'ટેલી–લો–કાર્યક્રમ' કાયદાકીય સહાયને નાગરિકોને સુલભ બનાવવા માટે વર્ષ 2017માં ઈલેકટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજીના સહયોગથી કાયદા અને ન્યાય મંત્રાલયે શરૂ કર્યો હતો. તે વર્તમાન 50,000 CSE નેટવર્કના માધ્યમથી 34 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં 633 જિલ્લામાં (115 આકાંક્ષી જિલ્લા સહીત) કાર્યરતા છે. આ કાર્યક્રમ અંતર્ગત પંચાયત કક્ષાએ CSEના વિશાળ નેટવર્ક પર ઉપલબ્ધ વિડીયો કોન્ફરન્સિંગ, ટેલિફોન અથવા ઈન્સ્ટન્ટ કોલિંગ સુવિધાઓ દ્વારા વકીલો અને નાગરિકોને ઈલેક્ટ્રોનિક રૂપે જોડવામાં આવી રહ્યા છે. ટેલી–લો કાર્યક્રમમાં છેલ્લા એક વર્ષમાં કાયદાકીય સલાહ લેનાર લાભાર્થીઓની સંખ્યામાં 369 % નો વધારો જોવા મળ્યો છે.

➤ **જાહેર ઉદ્યોગનો વિભાગ નાણાં મંત્રાલય હેઠળ લાવવામાં આવ્યો**

તાજેતરમાં કેન્દ્ર સરકારે જાહેર ઉદ્યોગ વિભાગને નાણાં મંત્રાલય હેઠળ લાવવાનો નિર્ણય કર્યો છે. સાર્વજનિક સાહસનો વિભાગ અગાઉ ભારે ઉદ્યોગ અને જાહેર ઉદ્યોગ મંત્રાલય હેઠળ હતો. ભવિષ્યના ડિસઈન્વેસ્ટમેન્ટ યોજનાઓ સંદર્ભે સંકલનની સુવિધા માટે નાણાંમંત્રીની હેઠળ લાવવામાં આવ્યું છે. જાહેર ઉદ્યોગો વિભાગના સમાવેશ પછી હવે નાણાં મંત્રાલયમાં 6 વિભાગોનો સમાવેશ થાય છે. અન્ય પાંચ વિભાગોમાં આર્થિક બાબતોનો વિભાગ, ખર્ચ વિભાગ, મહેસૂલ વિભાગ, રોકાણ અને જાહેર સંપત્તિ સંચાલન વિભાગ અને નાણાકીય સેવા વિભાગનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે નાણાંમંત્રી શ્રી નિર્મલા સિતારામને પોતાના બજેટ ભાષણ 2021-22માં આ ફેરફારની ઘોષણા કરી હતી.

➤ **Twitter એ વચગાળાના ચીફ કોમ્પ્લાયન્સ અધિકારીની નિયુક્તિ કરી**

ટ્વિટર ઇન્ડિયાએ ભારતમાં નવા IT નિયમોનું પાલન કરવા માટે વચગાળાના ચીફ કમ્પ્લાયન્સ ઓફિસરની નિમણૂક કરી છે. આ ઉપરાંત Twitter નવા IT નિયમો અનુસાર વધુ બે અધિકારીઓને નોમિનેટ કરશે. તાજેતરમાં કોર્ટ ફાઈલિંગમાં કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે Twitter નવા આઈ.ટી નિયમોનું પાલન કરી રહ્યું નથી. કોર્ટ ફાઈલિંગમાં એ પણ કહેવામાં આવ્યું હતું કે Twitter એ નવા અધિકારીઓની નિમણૂક કરવાની જરૂર છે. આ ઉપરાંત દિલ્હી હાઈકોર્ટ એ પણ જણાવ્યું હતું કે જો ટ્વિટરે આઈ.ટી નિયમોનું ઉલ્લઘન કર્યુ હોય તો સરકાર તેની સામે પગલાં લેવા મુક્ત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

➤ **મંગળ ગ્રહનું સ્વતંત્ર ઓરોરા**

તાજેતરમાં UAEના 'હોપ અંતરિક્ષ યાન'એ મંગળ ગ્રહ પર રાત્રી દરમિયાન આકાશમાં વાતાવરણીય પ્રકાશની ઝગમગતી તસ્વીરો કબજે કરી છે. જેને 'સ્વતંત્ર ઓરોરા' (Discrete Aurora) તરીકે ઓળખવામાં આવે છે. ઓરોરા એ આકાશમાં એક પ્રકાશ છે જે મુખ્યત્વે ઉચ્ચ અક્ષાંશ પ્રદેશોમાં જોવા મળે છે. તે ધ્રુવીય પ્રકાશ તરીકે પણ ઓળખાય છે. સામાન્ય રીતે ઓરોરા દૂધીયો લીલો, લાલ, વાદળી, જાંબલી, ગુલાબી અને સફેદ પણ દેખાઈ શકે છે. અરોરા માત્ર પૃથ્વી પર જ નથી પરંતુ જો કોઈ ગ્રહમાં વાતાવરણ અને ચુંબકીય ક્ષેત્ર અસ્તિત્વમાં હોય તો ત્યા ઓરોરા પણ હોય છે. પૃથ્વી પર ઓરોરા ત્યારે દેખાય છે. જ્યારે સૂર્યની સપાટીથી નીકળેલા ચાર્જ કણો પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરે છે.

➤ **બાળ સૈનિકોની ભરતી કરનારા દેશ**

તાજેતરમાં યુ.એસ.એ અને પાકિસ્તાન સહિત અન્ય 14 દેશોને બાળ સૈનિકોની ભરતી કરનારા દેશોની યાદીમાં શામેલ કર્યા છે. બાળ સૈનિકોમાં 18 વર્ષ થી ઓછી ઉંમરના વ્યક્તિઓ શામેલ છે. જેમને સશસ્ત્ર દળ અથવા સશસ્ત્ર જૂથોમાં ભરતી કરવામાં આવે છે. યુ.એસ ચાઈલ્ડ સોલ્જર્સ પ્રિવેન્શન એક્ટ, 2008ના વાર્ષીક અહેવાલમાં બાળ સૈનિકોની ભરતી કરનાર વિદેશી સરકારોની સૂચિ શામેલ છે. આ સૂચિમાં પાકિસ્તાન, તુર્કી, અફઘાનિસ્તાન, મ્યાનમાર, ઈરાન, ઈરાક, નાઈજીરિયા, યમન વગેરેનો સમાવેશ થાય છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ વાતની પૃષ્ટી કરવામાં આવી હતી કે વર્ષ 2019માં 7000 થી વધુ બાળકોની ભરતી કરવામાં આવી છે.

➤ **ઈટાલીમાં ભારતીય સૈનિક : બીજું વિશ્વ યુધ્ધ**

ભારતીય 'ચીફ ઓફ આર્મી સ્ટાફ' (CAOS)ની યુકે અને ઈટલીની સત્તાવાર મુલાકાત દરમિયાન ઈટાલીના કેસિનો શહેરમાં 'ભારતીય સેના સ્મારક' અથવા 'ભારતીય આર્મી મેમોરિયલ'નું ઉદ્‌ઘાટન કર્યુ. આ સ્મારક 3100 થી વધુ કોમનવેલ્થ શ્રધ્ધાંજલિ આપવા માટે બનાવવામાં આવ્યું છે. જેમણે બીજા વિશ્વયુધ્ધમાં ઈટલીને આઝાદ કરવાની કોશિશમાં ભાગ લીધો હતો. આ સ્મારક પર 900 ભારતીય સૈનિકોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી છે. ભારતીય સેનાના ત્રણ પાયદળ વિભાગ (4, 8 અને 10) એ ઈટાલિયન અભિયાનમાં ભાગ લીધો હતો. જેમાં 8મુ ભારતીય પાયદળ વિભાગ એ ઈટાલી પહોંચનારો દેશનો પ્રથમ વિભાગ હતો. નોંધનીય છે કે 1940ના દાયકાની શરૂઆતમાં ભારત બ્રિટિશ શાસન હેઠળ હતું અને ભારતીય સૈન્યએ બંને વિશ્વ યુધ્ધમાં ભાગ લીધો હતો. તથા તેમાં ભારતીય અને યુરોપિયન સૈનિકોનો સમાવેશ થતો હતો.

## ICE Questions

- તાજેતરમાં શ્રી વિજયભાઈ રૂપાણીએ બોટાદ જિલ્લાના કયા સ્થળે PSA આક્સિજન પ્લાન્ટનું ઈ–લોકાપર્ણ કર્યુ છે ? – કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ગઢડા
- ગુજરાત સરકારે કચ્છ જિલ્લાને નર્મદાનું પાણી પહોંચાડવા માટે કેટલા કરોડની યોજનાને સૈધ્ધાંતિક મંજૂરી આપી છે ? – રૂ. 3875 કરોડ
- ભારતની કઈ એજન્સીએ તાજેતરમાં 'મોસ્ટ ઈનોવેટિવ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી 2021' એવોર્ડ જીત્યો છે ? – ઈન્વેસ્ટ ઈન્ડિયા
- COWIN Global Conclaveનું આયોજન કયા દેશે કર્યુ હતું ? – ભારત
- તાજેતરમાં કયા જિલ્લાના અધિકારીઓએ ડ્રોનના વેચાણ, વપરાશ અને પરિવહન પર પ્રતિબંધ મૂકયો છે ? – શ્રીનગર
- તાજેતરમાં કેન્દ્ર સરકારે નિપૂણ ભારત પહેલ યોજના લોન્ચ કરી છે. તેમા NIPUNનું પૂરું નામ જણાવો ? – National Initiative for Proficiency in roading with understanding and numeracy
- તાજેતરમાં કયા દેશના અંતરીક્ષ યાને મંગળગ્રહ પર રાત્રી દરમિયાન આકાશમાં વતાવરણીય પ્રકાશની ઝગમગતી તસ્વીરો કબજે કરી હતી. જે સ્વતંત્ર અરોરા તરીકે ઓળખાય છે ? – UAE
- તાજેતરમાં તિલારી સંરક્ષણ રિઝર્વમાં એક કિંગ કોબરા જોવા મળ્યો હતો. તે કયા રાજ્યમાં સ્થિત છે ? – મહારાષ્ટ્ર
- ટેલી–લો કાર્યક્રમ કયા વર્ષે શરૂ કરવામાં આવ્યો હતો ? – વર્ષ 2017
- ભારતીય ચીફ ઓફ આર્મી સ્ટાફ ઈટાલીના કયા શહેરમાં 'ભારતીય સેના સ્મારકનું ઉદ્દઘાટન કરશે ?– કેસિનો
- તાજેતરમાં કેન્દ્ર સરકરે કયા વિભાગને નાણાં મંત્રાલય હેઠળ લાવવાનો નિર્ણય કર્યો છે ? – જાહેર ઉદ્યોગ વિભાગ
- Twitterએ ભારતમાં નવા IT નિયમોનું પાલન કરવા માટે કયા અધિકારીની નિમણૂક કરી છે ? – ચીફ કમ્પ્લાયન્સ ઓફિસર

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. ભારતમાં કયા દિવસે 'ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (CA) ડે'ની ઉજવણી કરવામાં આવે છે ? – 1 જુલાઈ
2. તાજેતરમાં કયા મંત્રાલયે 2019-2020 માટે 'UDISE +' શરૂ કર્યુ છે ? – શિક્ષણ મંત્રાલય
   (કેન્દ્રીય શિક્ષા મંત્રીશ્રી રમેશ પોખરીયલ નિશાંકે 2019-20 માટે Unified District Information System for Education Plus (UDISE +) રિપોર્ટ બહાર પાડયો હતો.)
3. દર વર્ષે આંતરરાષ્ટ્રીય સહકારી દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ? – જુલાઈ માસના પ્રથમ શનિવારે
4. જુલાઈ 2021માં કયા દેશએ સંઘીય સ્તરે મૃત્યુ દંડ પર પ્રતિબંધ મુક્યો છે ? – અમેરિકા
5. 3 જુલાઈ, 2021ના રોજ ઉજવવામાં આવેલ 'આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ'ની થીમ શું હતી ?
   – Republic Better Together
6. પ્રોજેક્ટ BOLD ની શરૂઆત તાજેતરમાં ભારતના કયા રાજ્યથી કરવામાં આવી છે ? – રાજસ્થાન
   (પ્રોજેક્ટ BOLD (Bomboo Oasis oon Lands in Prought)એ ખાદી અને ગ્રામઉદ્યોગ આયોગનો એક પ્રોજેક્ટ છે. જે શુષ્ક અને અર્ધ શુષ્ક જમીનવાળા વિસ્તારોમાં વાંસ આધારિત ગ્રીન પેચો બનાવવાનો પ્રયત્ન કરે છે. આ પ્રોજેક્ટ 4 જુલાઈ, 2021ના રોજ રાજસ્થાનના ઉદયપુરના નિચલા માંડવા ગામથી શરૂ કરવામાં આવ્યો હતો. આ એક વિશિષ્ટ પ્રકારનો વૈજ્ઞાનિક અભ્યાસ છે. જે રણ ઘટાડવા અને આજીવિકા અને મલ્ટિ–ડિસિપ્લિનરી ગ્રામિણ ઉદ્યોગ સપોર્ટ પૂરા પાડવાના સંયુક્ત રાષ્ટ્રીય ઉદ્દશોને પૂર્ણ કરે છે.)
7. બ્લૂમબર્ગ ડેટા અનુસાર જૂન 2021માં વિશ્વ બજારના મૂડિકરણમાં ભારતનો હિસ્સો ____હતો. – 2.60%
8. તાજેતરમાં ચર્ચામાં રહેલ એલ્સા (Elsa) શું છે ? – ઉષ્ણમટિબંધીય ચક્રવાત
   (એલ્સાએ ઉષ્ણકટિબંધીય ચક્રવાત છે જે કેરેબિયન અને દક્ષિણ પૂર્વ યુ.એસ. ના ભાગોને અસર કરી હતી.)
9. તાજેતરમાં કયા દેશનું લશ્કરી વિમાન તુટી પડતા 45 લોકોના મૃત્યું થયા હતા ? – ફિલિપાઈન્સ
10. કયા દેશે 'Intermediary Guidlines and Digital Media Ethics Code' જાહેર કર્યો છે ? – ભારત
11. કયા રાજ્યમાં ભારતની પ્રથમ 'કેન્દ્રીય ઔષધી પ્રયોગશાળા' (Central Drug Laboratory)ની સ્થાપના કરવામાં આવી છે ? – હિમાચલ પ્રદેશ
12. તાજેતરમાં 'ગોમતી રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ' ચર્ચામાં રહ્યો હતો. તે કયા રાજ્યમાં સ્થિત છે ? – ઉત્તરપ્રદેશ
13. તાલ જ્વાળામુખી કયા દેશમાં સ્થિત છે ? – ફિલિપાઈન્સ
14. 5 જુલાઈ 2021ના રોજ કોણે તેમના વપરાશકર્તાઓ માટે 'પોસ્પેડ મીની' સેવા શરૂ કરી છે ? – Paytm
    (આદિત્ય બિરલા ફાઈનાન્સ લિમિટેડની ભાગીદારીમાં પોસ્ટપેડ મીની સેવા શરૂ કરવામાં આવી હતી. આ Paytm ની 'Buy Now, Pay Later' સેવાનું વિસ્તરણ છે.)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

15. ભારતીય વાયુસેના કેટલી એન્ટી ડ્રોન સિસ્ટમ ખરીદશે ? – 10
(જમ્મુમાં ભારતીય વાયુસેના સ્ટેશન પર ડ્રોન હુમલા બાદ વાયુસેનાએ ભવિષ્યમાં સરહદી વિસ્તારોમાં આવા હુમલા અટકાવવા માટે 10 એન્ટિ ડ્રોન સિસ્ટમ ખરિદવાનો નિર્ણય લીધો છે.)

16. તાજેતરમાં કયા દેશના ભારત સ્થિત હાઈકમિશનરે ગુજરાતના મુખ્યમંત્રી સાથે સૌજન્ય મુલાકાત કરી હતી ? – યુગાન્ડા
(મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે યુગાન્ડાના ભારત સ્થિત હાઈ કમિશનર સુશ્રી ગ્રેસ અકેલોએ ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત લીધી હતી.)

17. 52મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI) 20 મી થી 28 નવેમ્બર દરમિયાન કયા સ્થળે યોજાશે ?– ગોવા

18. કોલસાના ઉત્પાદનમાં ભારતનું ટોચનું રાજ્ય કયું છે ? – છત્તીસગઢ
(કોલસા મંત્રાલયના 2020-21 માટેના અંતરિમ આકડા મુજબ 2020-21 દરમિયાન ભારતના કુલ કોલસાના ઉત્પાદનમાં 2.02% નો ઘટાડો થયો છે. અને 716.084 મિલિયન ટન નોંધાયું છે. જ્યારે કુલ ઉત્પાદનમાં 671.297 મેટ્રિક ટન નોન–કોકિંગ કોલસો હતો. છત્તીસગઢમાં સૌથી વધુ કોલસાનું ઉત્પાદન 158.409 મેટ્રિક ટન હતું.)

19. ભારત તાજેતરમાં OECD/ G20 Inclusive Framework on BEPS માં જોડાયું છે. જેમાં BEPSનો અર્થ શું થાય છે ? – Base Erosion and Profit Shifting

20. સૂક્ષ્મ ઉદ્યોગો માટે અગ્રતા ક્ષેત્રમાં ધિરાણ આપવાનું લક્ષ્ય શું છે. જેને RBI દ્વારા ફરજિયાત કરવામાં આવ્યું છે ?– 7.5%

21. NEOWISE જેનો તાજેતરમાં બે વર્ષ માટે મિશન એક્સ્ટેંશન મળવ્યું છે, તે કઈ અવકાશ એજન્સીનું ટેલિસ્કોપ છે ?– નાસા

22. ડિજિટલ કોમ્યુનિકેશન કમિશન (DCC) એ TRAI ની ભલામણો અનુસાર _____નેટવર્કમાં સેટેલાઈટ કનેક્ટિવિટીનો ઉપયોગ કરવાની જોગવાઈને મંજૂરી આપી છે ? – ટેલિકોમ

23. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકમ્યુનિકેશન (DOT)એ કપટી અથવા ફ્રોડ સંદેશ બદલ _____રૂપિયા દંડની દરખાસ્ત કરી છે. – 10000

24. તાજેતરમાં કઈ શહેરની મેટ્રોએ ભારતનું પ્રથમ UPI આધારિત કેશલેશ પાર્કિંગ શરૂ કર્યુ છે ? – દિલ્હી

25. તાજેતરમાં કેન્દ્ર સરકારે માછીમારો માટે કઈ એપ્લિકેશન શરૂ કરી છે ? – મત્સ્ય સેતુ

26. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના વાર્ષિક અહેવાલ મુજબ વર્ષ 2018-19માં ઉત્પન્ન થયેલ પ્લાસ્ટિકનો કચરો દર વર્ષે કેટલા મિલિયન ટન હતો ? – 3.3 મિલિયન ટન

27. તાજેતરમાં નાવેગાંવ–નાગઝિરા ટાઈગર રિઝર્વ સમાચારોમાં હતું. તે કયા રાજ્યમાં સ્થિત છે ? – મહારાષ્ટ્ર
(તાજેતરમાં મહારાષ્ટ્રના નાવેગાંવ–નાગઝિરા ટાઈગર રિઝર્વ માં એક દુલર્ભ મેલાનિસ્ટિક ચિત્તો જોવા મળ્યો હતો. જેને સામન્ય રીતે 'બ્લેક પેન્થર' તરીકે ઓળખવામાં આવે છે.)

28. તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રીએ 'ખેલા હોબે દિવસ' મનાવવાની જાહેરાત કરી છે ? – પ.બંગાળ

29. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ _____ખાતે પ્રથમ એમેઝોન ડિજિટલ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યુ. – સુરત

30. તાજેતરમાં સમાચારમાં રહેલ 'વાલ્મીકી રાષ્ટ્રીય ઉદ્યાન' કયા રાજ્યમાં સ્થિત છે ? – બિહાર

31. _____સરકારે પોતાનું ઓવર–ધ–ટોપ (OTT) પ્લેટફોર્મ બનાવવાનો પ્રસ્તાવ મુક્યો છે. – કેરળ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

32. કયું રાજ્ય ત્રણ ટાઈગર રિઝર્વને જોડતો 'ટાઈગર કોરિડર' બનાવશે ? – રાજસ્થાન

33. તાજેતરમાં કયા રાજ્યમાં વિશ્વનું સૌથી ઊંચુ સેન્ડકાસ્ટલ બનાવવામાં આવ્યું હતું ? – ડેનમાર્ક

34. ભારતીય નૌકાશિપના કયા જહાજે તાજેતરમાં ઈટાલિયન નૌકાદળના ફ્રન્ટ લાઈન ફ્રિગેટ સાથે લશ્કરી કવાયતમાં ભાગ લીધો હતો ? – INS તાબર

35. ગુજરાતના કયા GI Tag પ્રાપ્ત ઘઉંની નિકાસ કેન્યા અને શ્રીલંકા કરવામાં આવી ? – ભાલિયા ઘઉં

36. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે ટ્રાન્સજેન્ડરો માટે સરકારી નોકરીઓમાં 1% સિટ અનામત રાખવાનો નિર્ણય કર્યો છે ? – કર્ણાટક

37. તાજેતરમાં એમેઝોનના CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી એન્ડિ જસ્સી

38. તાજેતરમાં શ્રી જોવેનલ મોઈસેની હત્યા થઈ હતી. તે કયા દેશના રાષ્ટ્રપતિ હતા ? – હૈતી

39. ભારતના કયા રાજ્યનો અથવા કેન્દ્ર શાસિત પ્રદેશે 'મુખ્યમંત્રી Covid-19 પરિવાર આર્થિક સહાયતા યોજના' લોન્ચ કરી છે ? – દિલ્હી

40. GI ટેગ પ્રાપ્ત મદુરાઈ જાસ્મિન અને અન્ય પરંપરાગત ફૂલો જેવા કે લીલી, બટન ગુલાબ વગેરે કયા દેશમાં નિકાસ કરવામાં આવ્યા હતા ? – દુબઈ (યુ.એ.ઈ)

41. કોના દ્વારા સંરક્ષણ ટેકનોલોજી M.Tech પ્રોગ્રામનો પ્રારંભ કરવામાં આવ્યો છે ? – DRDO- AICTE

42. વિશ્વની સૌથી નાની માત્ર 20 ઈંચની ઉંચાઈ ધરાવતી ગાય કયા દેશમાં છે ? – બાંગ્લાદેશ
(બાંગ્લાદેશના ઢાંકા પાસે આવેલ એક ફાર્મમાં 23 મહિનાની નાની ગાય ચર્ચામાં રહી છે. આ ગાય માત્ર 20 ઈંચ લાંબી છે તથા તેનું વજન 26 કિલોગ્રામ છે.)

43. કોવિડ–19 સંદર્ભમાં 'Swabseq' શું છે. જે તાજેતરમાં ચર્ચામાં રહ્યું હતું ? – ટેસ્ટિંગ પ્લેટફોર્મ

44. વિદેશ મંત્રાલયના સહયોગથી કઈ સંસ્થા અથવા સંગઠને ઈન્ડો પેસેફિક બિઝનેસ સમિટ–2021નું આયોજન કર્યુ હતું ? – CII (ભારતીય ઉદ્યોગ સંઘ)

45. એટોલીકો લગૂન જે તાજેતરમાં સમાચારમાં રહ્યું હતું. તે કયા દેશમાં સ્થિત છે ? – ગ્રીસ

46. DBT-NIBMG એ કયા રોગમાં 'dbGENVOC' નામના જીનોમિક વેરિએન્ટ્સનો વિશ્વનો પ્રથમ ડેટાબેઝ બનાવ્યો છે ? – ઓરલ કેન્સર

47. ફેડરલ બેંકના મેનેજિંગ ડિરેક્ટર અને CEO તરીકે કોની નિમણૂક ફરીથી કરવામાં આવી છે ? – શ્રી શ્યામ શ્રીનિવાસન

48. અરૂણાચલ પ્રદેશના કયા પ્રાણીની NRCY એ રાષ્ટ્રીય વીમા કંપની સાથે ભાગીદારી કરી છે ? – યાક

49. 'સંવેદન 2021'નામનો હેકાથોન હોસ્ટ કરવાની દરખાસ્ત કોણે કરી છે ? – IIT મદ્રાસ અને સોની ઈન્ડિયા સોફ્ટવેર સેન્ટર

50. શ્રી વિજયભાઈ રૂપાણીએ તાઉતે વાવાઝોડાથી વ્યાપક અસર પામેલા માછીમારો માટે ____ રૂપિયાનું રાહત પેકેજ જાહેર કર્યુ છે. – 105 કરોડ રૂપિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT